

પ્રભુની ભક્તિ વડે ભવ્યો પામે ભવ-અંતને રે,
જેને અંતર નિરખ્યે આતમને નિરખાય,
એવા જિનવરવૃંદ પધાર્યા અમ આંગણે રે ...

કહાન સંવત-૬ (૫૦૯) * આત્મધર્મ * (અંક : ૯ વર્ષ : ૪૨) વીર સં. ૨૫૧૨ માર્ચ ૧૯૮૬

# આત્માનું હિત કરનારને કોઈ પ્રતિકુળતા નડતી નથી

[ 'અર્હતશ્રીના વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

**પંચમ કાળ એટલે ફેરફાર થાય, પણ જેને આત્માનું કરવું છે તેને કાળ નડતો નથી. ૨૭૫.**

કેટલાક એમ કહે છે : 'અમારે ધર્મ કરવો છે, પણ શું કરીએ? પંચમ કાળ છે એટલે અંદરનો પુરુષાર્થ ઊપડતો નથી.' ભાઈ! કાળ કોને નડે છે? જેને પોતાનું કલ્યાણ કરવું છે તે કોઈને કાળ નડતો નથી. શ્રીમદ્દે કહ્યું છે :-

'જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ.'

ભાઈ! ભવસ્થિતિ પાકશે કે કાળલબ્ધિ હશે ત્યારે મુક્તિ થશે—એવી વાતો છોડી દે; અંદર સ્વભાવ સન્મુખ થવાનો પુરુષાર્થ કર તો તારી કાળલબ્ધિ વગેરે બધું પાકી જશે, પંચમ કાળ છે એટલે બહાર ફેરફાર થાય; ભલે થાય, પણ જેને આત્માનું કલ્યાણ કરવું છે તેને કાળ કાંઈ નડતો નથી. ચોથા કાળે ભગવાનના સમવસરણમાં પણ જે સમ્યગ્દર્શન ન કર્યું તે અહીં પંચમ કાળમાં થઈ શકે છે. અરે! ત્રીજી નરકના નારકીને પરમાધામી—અસુરકુમારના દેવ—લોઢાના ધગધગતા સળિયે બાંધી ઉપર ઘણના ઘા મારે, એવે સમયે પણ તે સમ્યગ્દર્શન પામી શકે છે. બહારનો કાળ કે કોઈ ચીજ અંદર આત્માનું કાર્ય કરવામાં નડતી નથી.

અહા! વીતરાગ પરમેશ્વરનો માર્ગ કોઈ જુદી જ જાતનો છે. વીતરાગ પરમાત્મા સિવાય બીજે ક્યાંય આ વાત છે જ નહિ. અરેરે! 'મારી નજરના આળસે રે... મેં નીરખ્યા ન હરિને જરી.' અજ્ઞાન ને રાગદ્વેષનો નાશ કરે તે હરિ. ભાઈ! તારી નજર રાગ ને પર્યાયમાં પડી છે, પણ અંદર રાગનો નાશ કરનાર ભગવાન આત્મા બિરાજે છે ત્યાં જતી નથી. અંદર નજર કરતો નથી, અને બહાર કાળ વગેરે બીજાનો વાંક કાઢે છે! ગમે તેવી ભીષણ પ્રતિકૂળતાના પ્રસંગમાં પણ જીવ અંતર્મુખ થવાનો પુરુષાર્થ કરે તો તેને જરૂર સમ્યગ્દશન થઈ શકે છે. તેને કાળ, શરીરના આકરા રોગ કે વધ બંધન વગેરે બહારની ચીજો આત્મસન્મુખ થવામાં કાંઈ નડતી નથી, અંતર્મુખ દૃષ્ટિ કરવામાં કાંઈ વિઘ્ન કરતી નથી. અંતરમાં આનંદમૂર્તિ ભગવાન જ્ઞાયકદેવ મોજુદ છે—જાગતો જીવ ઊભો છે—તેના ઉપર નજર કરવામાં બહારની પ્રતિકૂળતા નડતી પણ નથી અને બહારની સગવડતા—દેવ-શાસ્ત્ર ગુરુ—સહાયક થાય છે એમ પણ નથી. જ્યારે કર ત્યારે તારે તારા અંતર્મુખ પુરુષાર્થથી જ ધર્મરૂપી કાર્ય સાધવાનું છે.

કહાન
સંવત-૬
વર્ષ-૪૨
અંક-૯
[ ૫૦૯ ]




વીર
સંવત
૨૫૧૨
A. D. 1986
MAR.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# એકવાર "હું પરમાત્મા છું" એવી દૃષ્ટિ કર

( શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

( સળંગ પ્રવચન નં. ૩૯ )

આ શ્રી યોગસાર શાસ્ત્રની ૯૩ મી ગાથા ચાલે છે.

સમ-સુખમાં લીન જે કરે, ફરી ફરી નિજ અભ્યાસ,
કર્મક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ. ૯૩.

અહીં આ ગાથામાં આત્મા પોતાના આનંદસ્વભાવને જાણીને વારંવાર આનંદનો અનુભવ કરે તો કર્મનો ક્ષય કરી નિર્વાણને પ્રાપ્ત થાય, એવા ભાવ ગાથામાં ભર્યા છે.

જેમ સાકર ખાવાથી મીઠાશનો સ્વાદ આવે, લીમડો ખાવાથી કડવો સ્વાદ આવે અને લવણ ખાવાથી ખારો સ્વાદ આવે તેમ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ અને અનુભવ કરતાં આનંદનો સ્વાદ આવે. કોઈ પણ પદાર્થનો જે સ્વભાવ હોય તેનો સ્વાદ આવે. આત્મા પણ એક અતીન્દ્રિય જ્ઞાન-આનંદસ્વરૂપ વસ્તુ છે-પદાર્થ છે, તેમાંથી અતીન્દ્રિય જ્ઞાન, આનંદ અને શાંતિનો સ્વાદ આવે છે.

આત્મસ્વભાવની રુચિ અને સ્વસન્મુખ થઈને તેનું જ્ઞાન કરવું અને એ રૂપે પરિણમન કરવું, અનુભવ કરવો તે ધર્મની શરૂઆત-સંવર છે, તેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. ત્યાંથી મોક્ષ માર્ગની શરૂઆત થાય છે. પછી અંતરસ્વરૂપમાં વારંવાર એકાગ્રતા કરતાં આસ્રવ થોડો થાય છે અને નિર્જરા વિશેષ થાય છે. મારા સ્વભાવમાં જ મારો આનંદ છે એમ જાણે ત્યાં આનંદ માટે લલચાય છે એ જીવ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં વૃદ્ધિ કરે છે એટલી તેને નિર્જરા વધારે થાય છે અને આસ્રવ ઓછો થાય છે. આ સાધકજીવની દશા છે.

જેને એકલો આસ્રવ જ છે તે મિથ્યાદૃષ્ટિ છે, જેને આસ્રવનો સર્વથા અભાવ અને પૂર્ણ નિર્મળતા છે તે અરિહંતદશા છે અને થોડો આસ્રવ અને નિર્જરા બંને છે તે સાધકજીવની દશા છે.

આત્માની સન્મુખ થવાથી જ સાચા સુખનો અનુભવ થાય છે, એકલા રાગ-દ્વેષ, હર્ષ-શોક-કર્મચેતના અને કર્મફળચેતનાનો અનુભવ કરવો તે અધર્મદશા છે, તે મિથ્યાદૃષ્ટિની બાધકદશા છે.

હવે જ્યાં જીવ સ્વભાવની સન્મુખતા કરીને સાધક થયો ત્યાં તેને આસ્રવ ઘટે છે અને નિર્જરા વધી જાય છે. તેથી જ તેને સાધકપણું પ્રગટ્યું કહેવાય. જગતમાં ક્યાંય નથી એવું પોતાનું અતીન્દ્રિયસુખ જેણે અનુભવ્યું એવા સાધકજીવને પોતાના અતીન્દ્રિય આનંદ અને સુખની લાલચ લાગે છે.

પોતાના સ્વભાવના બેભાનપણાને લીધે મૂઢ-મિથ્યાદૃષ્ટિ જગતના ઇન્દ્ર, ચક્રવર્તી આદિના વૈભવોમાં સુખની કલ્પના કરે છે, પણ ખરેખર તે દુઃખ છે. ધર્મીની દૃષ્ટિમાં સુખબુદ્ધિ આત્મામાં જ છે. એકલા રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ભાવનો અનુભવ કરવો તે તો અધર્મધ્યાન છે, તેની રુચિ છોડી સ્વભાવની દૃષ્ટિ કરતાં ધર્મધ્યાન પ્રગટ થાય છે. કોઈ કહે ધર્મધ્યાન એટલે શુભભાવ તો તે વાત ખોટી છે. સ્વભાવ સન્મુખની એકતા તે ધર્મધ્યાન છે અને ઉગ્રપણે એકતા થવી તે શુકલધ્યાન છે.

અહા! અનંતકાળમાં સાક્ષાત્ પ્રભુ પાસે પણ આ જીવ જઈ આવ્યો પણ બહિર્મુખદૃષ્ટિ છોડી નહિ. બહારથી મને લાભ થશે એ માન્યતા છોડી નહિ. એ રીતે પોતે અંતર્મુખ ભગવાન આત્માને દૃષ્ટિમાંથી ઓજલ કરી નાખ્યો છે.

આહાહા....! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા કેવો છે? તો કહે છે કે સર્વજ્ઞ-ભગવાનની વાણીમાં પણ જેના પૂરા ગુણ આવી ન શકે તેવો આ ભગવાન આત્મા છે. શ્રીમદ્ કહે છે ને! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યાં નહિ તે પણ શ્રી ભગવાન જો.' ગોમ્મટસારમાં પણ આવે છે કે 'ભગવાને જાણ્યું છે તેનાથી અનંતમાં ભાગે જ કહી શક્યા છે.' ભાવમુક્ત ભગવાન અરિહંત જ્યાં વાણીમાં આત્માનું પૂરુ સ્વરૂપ કહી ન શક્યા ત્યાં 'તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'

જેમ મુંગો ગોળનો સ્વાદ કહી શકતો નથી પણ અનુભવી શકે છે તેમ ભલે આત્માનું વર્ણન વાણીમાં પૂરું ન આવે પણ અનુભવગોચર થઈ શકે એવું સ્વરૂપ છે. પુણ્ય-પાપથી રહિત આત્મા અનુભવમાં આવે છે.

ભગવાન આત્મા ચૈતન્ય પિંડ, ચૈતન્ય દળ, ચૈતન્ય નૂર, ચૈતન્ય પૂર એવો પૂર્ણાનંદ-પ્રભુ તેની દૃષ્ટિ અને ધ્યાનથી ગુણસ્થાનની શ્રેણી વધે છે. રાગના કે પુણ્યના અવલંબનથી ગુણસ્થાનની શ્રેણી વધતી નથી. ચૈતન્યની એકાગ્રતાની ધારાએ ગુણસ્થાનની ધારા વધે છે.

નિશ્ચયનય ત્રિકાળ શુદ્ધ આત્મસ્વભાવના દર્શન કરાવે છે, જ્યારે વ્યવહારનય તો ભેદ, રાગ અને નિમિત્તના દર્શન કરાવે છે. સમયસારની છઠ્ઠી ગાથામાં પુણ્ય–પાપના ભેદ કાઢી નાખ્યા, અસદ્‌ભુત ઉપચાર અને અનુપચાર વ્યવહારનયને કાઢી નાખ્યો અને અને સાતમી ગાથામાં સદ્‌ભુત અનુપચાર જે ગુણ–ગુણીના ભેદનો વ્યવહાર તે પણ કાઢી નાખ્યો, એકલો જ્ઞાયકસ્વરૂપ આત્મા બધાથી જુદો બતાવી દીધો છે.

એકલો ભગવાન જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયક (' જ્ઞાયક ' એવો વિકલ્પ નહિ ) ચૈતન્યના નૂર વિનાના પુણ્ય–પાપના વિકલ્પોથી ભિન્ન પડેલો ' જ્ઞાયક ' તેનું જ્ઞાનભાવે પરિણમન કરતાં દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવે છે તે ધર્મદૃષ્ટિ છે. આ દૃષ્ટિ વિના ત્રણકાળમાં મોક્ષ નથી.

કોઈ કહે કે પંચમકાળમાં નિશ્ચય મોક્ષમાર્ગ હોય નહિ માટે વ્યવહાર મોક્ષમાર્ગ જે પુણ્ય પરિણામ તેનું આચરણ કરો તે મોક્ષમાર્ગ છે. અરે! પણ નિશ્ચય વિના વ્યવહાર હોય જ નહિ, સ્વાશ્રય નિશ્ચય પ્રગટે ત્યારે કાંઈક પરાશ્રય બાકી રહી જાય તે વ્યવહાર છે. એકલો પરાશ્રયભાવ હોય તે તો મિથ્યાદૃષ્ટિ છે અને એકલો જેને સ્વાશ્રય પૂરો પ્રગટ થઈ ગયો તે ભગવાન પરમાત્મા છે, અને સ્વભાવની દૃષ્ટિથી સ્વાશ્રય પ્રગટ થયો પણ હજી સાથે થોડો પરાશ્રય રહી ગયો તે સાધકદશાનો વ્યવહાર છે.

આ વસ્તુસ્થિતિ છે, તે ત્રણકાળમાં કદી ફરે નહિ.

અનંતકાળમાં જીવે બહાર જ ડોકિયાં માર્યા છે. સ્વાશ્રય ક્યારેય કર્યો જ નથી. એકવાર જો ' હું પરમાત્મસ્વરૂપ છું ' એમ દૃષ્ટિ કરે તો બહિરાત્મા મટીને અંતરાત્મા થઈ જાય. સીધી વાત છે. ભગવાન આત્મા પોતે સીધો–સરળ ચિદાનંદ ભગવાન પડયો છે " સત સરળ છે, સત્ સર્વત્ર છે અને સત્ સુલભ છે " પણ જીવે પોતે એવું દુર્ગમ કરી નાખ્યું છે કે સત્ વાત સાંભળવી પણ એને મોંઘી પડે છે.

આ જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ છે પોતાના પૂર્ણાનંદનો આશ્રય લઈને અજ્ઞાન–રાગ–દ્વેષાદિ પરનો આશ્રય ટાળે તેને જૈન કહેવામાં આવે છે. પરમેશ્વરે કાંઈ નવો ધર્મ નથી કર્યો.

અખંડાનંદ પ્રભુ ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણનો મોટો પિંડ–રાશિ છે. એ વાત લાવો તો ખરા! અનંતગુણ ન હોય તો વસ્તુ જ ન હોય. અસંખ્યાત પ્રદેશમાં અનંતગુણનો પિંડ મહાપ્રભુ બિરાજમાન છે. સ્વભાવની મૂર્તિ છે તેનું શું કહેવું? અરૂપી ચિત્પિંડ, ચિદ્‌ઘન, વિજ્ઞાનઘન વસ્તુ છે. આકાશના અમાપ....અમાપ અનંત પ્રદેશોની સંખ્યા કરતાં અનંતાનંત ગુણો એકેએક આત્મામાં છે. એવા આત્માનો આશ્રય લઈને સમ્યગ્દર્શન–જ્ઞાન પ્રગટ કરે તેને આસ્રવ ઘણો ઘટી જાય છે અને સંવર–નિર્જરા વધી જાય છે. કારણ કે અનંતાનંત ગુણોમાંથી બહુ થોડા–અમુક જ ગુણોમાં વીપરીતતા રહી છે તેથી આસ્રવ–બંધ થોડો થાય છે અને અનંત...

અનંત...ગુણોનો આદર અને બહુમાનથી અનંતા ગુણોની નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તેથી સંવર-નિર્જરા અધિક થઈ ગઈ છે. તેથી જ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિને અબંધ કહ્યો છે, કેમ કે સ્વભાવમાં બંધ નથી અને તેની દષ્ટિમાં બંધ નથી તેથી, બંધના ભાવને જ્ઞેયમાં નાખી દીધો અને સમ્યગ્દષ્ટિને અબંધ કહ્યો છે. રાગથી, નિમિત્તથી તથા ભેદથી ભિન્ન અધિક આત્માની દષ્ટિ થઈ તેને મોક્ષમાર્ગ તો તેના હાથમાં આવી ગયો.

શ્રોતાઃ—વાહ પ્રભુ વાહ! આત્મા હાથમાં આવી ગયો તેને શું બાકી રહ્યું? વાહ દષ્ટિનું જોર છે કાંઈ!

ભાઈ! એ વસ્તુનું જ જોર છે. તેની દષ્ટિ કરી એટલે દષ્ટિમાં પણ જોર આવી ગયું.

દષ્ટિના જોરની સાથે ધર્મીનું જ્ઞાન જાણે છે કે પૂર્ણ આનંદની પ્રાપ્તિ વિના હું અતૃપ્ત છું. જેમ પેટ પૂરું ન ભરાય ત્યાં સુધી હું ભુખ્યો છું એમ લાગે છે ને! તેમ ધર્મી પૂર્ણાનંદની પ્રાપ્તિ વિના અતૃપ્ત છે તેથી, જેને પૂર્ણાનંદની ઝંખના છે એવા મોક્ષાર્થી-ધર્મી જીવો નિર્વાણનું લક્ષ રાખીને સમ-સુખને ભોગવતાં થકા, આત્માનો વિશેષ વિશેષ અનુભવ કરતાં કરતાં શીઘ્ર નિર્વાણને પામે છે.

પુણ્ય-પાપના ભાવ અને તેના ફળરૂપ હર્ષ-શોક તે બંને કર્મચેતના અને કર્મફળ-ચેતનાથી રહિત ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની જ્ઞાનચેતનાને સમ્યગ્દષ્ટિ નચાવે છે, અને કર્મચેતના તથા કર્મફળચેતનાને છોડે છે.

અરે! પણ જીવ જેમાં ભરપૂર માલ ભર્યો છે તેની સામે નજર કરવાનો વખત લેતો નથી અને જેમાં કાંઈ નથી એવા પુણ્ય-પાપભાવ અને નિમિત્તમાં જ મારું સર્વસ્વ છે એમ માનીને તેને વળગ્યો છે. તેથી જ અમૃતચંદ્રાચાર્યે ૪૧૩ ગાથામાં કહ્યું છે કે અજ્ઞાની જીવો અનાદિરૂઢ-વ્યવહારમૂઢ અને નિશ્ચય અનારૂઢ છે, અને જ્ઞાની વ્યવહારમૂઢ નથી, પણ વ્યવહારને જાણનાર છે. નિશ્ચય વસ્તુ દષ્ટિમાં આવ્યા પછી થોડી અસ્થિરતાને લીધે રાગ આવે છે તે વ્યવહાર છે એમ જ્ઞાની જાણે છે. નિશ્ચય વગર વ્યવહાર ત્રણકાળમાં હોતો જ નથી.

જેમ રાજા થઈને ભિક્ષા માંગવા જાય તો એ મૂરખ છે તેમ આ આત્મા પોતે ત્રણલોકનો નાથ થઈને ભગવાન પાસે પોતાનું ભગવાનપણું માંગવા જાય છે. તેને મુનિરાજ કહે છે કે 'પ્રભુ! તું જ ભગવાન છો.' પણ તેને પોતાનું સ્વરૂપ જોવાની ફુરસદ નથી. અરે! તેની સન્મુખ દષ્ટિ કરવી, એ મને ઠીક છે, તેમાં મારું હિત છે એમ પણ તેને હજી બેસતું નથી, અને વ્યવહારની જ રુચિ રહે છે, તેમાં તારું અહિત થાય છે ભાઈ!

હવે ૯૪મી ગાથામાં યોગીન્દુ મુનિરાજ ક્ષેત્રથી નાનો પણ ભાવથી મહાન એવા આત્માનું સ્વરૂપ બતાવે છે.

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ,
નિર્મળ તેજોમય અને અનંત ગુણગણધામ. ૯૪.

૯૩ ગાથા સુધી આત્માના બહુ વખાણ કર્યા કે આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ અનંત અનંત ગુણનો પિંડ છે. તેથી શિષ્યને પ્રશ્ન ઉઠે છે કે આવો તે આત્મા ક્ષેત્રથી પણ કેવડો મોટો હશે? તેને મુનિરાજ કહે છે કે ભાઈ! મોટા ક્ષેત્રથી આત્માની મહાનતા નથી. તેની મહાનતા તો ગુણની અચિંત્યતાથી છે.

વેદાંત આદિ આત્માને સર્વવ્યાપક માને છે તેની સામે પણ આ ગાથા મહા સિદ્ધાંત રજૂ કરે છે કે આત્મા શરીરપ્રમાણ છે, સર્વવ્યાપક નથી.

ભગવાન આત્મા ક્ષેત્રથી પુરુષાકાર છે અને ભાવથી ગુણગણધામ-ગુણોની ખાણ -ગુણગણનિલય એટલે ગુણના સમુહનો નિલય નામ ઘર છે. વળી નિર્મળ તેજથી સ્ફુરાયમાન છે, અતિ પવિત્ર છે. આવા આત્માને અંતરજ્ઞાન અને શ્રદ્ધાથી જોવો જોઈએ.

વસ્તુદૃષ્ટિથી જુઓ તો આત્મા ત્રિકાળ નિરાવરણ, સ્ફટિક જેવો શુદ્ધ નિર્મળ છે. વસ્તુને વળી આવરણ કેવા? આત્મા તો ત્રિકાળ નિરાવરણ, સામાન્ય-વિશેષ ગુણોનો સાગર, જ્ઞાતા-દૃષ્ટા, વીતરાગ, પરમાનંદમય, પરમ વીર્યવાન અને શુદ્ધ સમકિત ગુણધારી છે.

ભગવાન આત્મા પરમ નિર્મળ ચૈતન્યતેજથી ચમકી રહ્યો છે. ચૈતન્યના નૂર, પ્રકાશના પૂંજથી આત્મા ચમકી રહ્યો છે. રાગના તેજથી આત્મા ચમકતો નથી. આવા ચમકતા આત્મામાં ચિત્તને સ્થિર કરીને ધ્યાન કરવું જોઈએ.

આ ધ્યાન સાચું કોણ કરી શકે છે? કે મુનિરાજ ઉત્કૃષ્ટ ધ્યાન કરે છે, દેશવ્રતી શ્રાવક મધ્યમ ધ્યાન કરે છે અને અવિરત સમ્યગ્દષ્ટિ જઘન્ય ધ્યાતા છે. સ્વરૂપની દૃષ્ટિ થઈ છે એટલી સમ્યગ્દૃષ્ટિને ધ્યાન કરવાની યોગ્યતા પ્રગટી છે. સમ્યગ્દૃષ્ટિને સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે તેથી ધ્યાનની ચોથા ગુણસ્થાનથી જ શરૂઆત થઈ જાય છે. તે પહેલાં ધ્યાન હોતું નથી. કેમ કે સમ્યક્ શ્રદ્ધાન વિના આત્માનો સાચો પ્રેમ અને રુચિ હોતા નથી તેથી આત્માની લગની લાગતી નથી.

અજ્ઞાનીને ધ્યાન કરતાં તો આવડે છે પણ જેને જેની રુચિ હોય તેનું ધ્યાન કરે ને! અજ્ઞાનીને સંસારની રુચિ છે તેથી તેના ધ્યાનમાં ચડી જાય છે તો એ ઉલટું ધ્યાન જેને આવડે છે તેને સવળી રુચિ આત્માની થતાં આત્માનું ધ્યાન કરતાં કેમ ન આવડે? આવડે જ. ઉલટા ધ્યાનમાં તો તાકાત મોળી પડી જાય છે અને સવળા ધ્યાનમાં તાકાત ઉગ્રતા ધારણ કરે છે.

[ વધુ માટે જુઓ પાનું...૧૩ ]

# કારણસ્વભાવરૂપ જ્ઞાન સિવાઈ બીજુ કાંઈ ઉપાદેય નથી

( શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન )

હવે જ્ઞાન ઉપયોગના ભેદો કહે છે :—

અસહાય, ઈન્દ્રિયવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;
સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.
મતિ, શ્રુત, અવિધ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.

અર્થ :—જે (જ્ઞાન) કેવળ, ઇન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવજ્ઞાન છે; સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં, વિભાવજ્ઞાન બે પ્રકારનું છે.

સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે: મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (–મિથ્યાજ્ઞાન) મતિ આદિના ભેદથી ત્રણ ભેદવાળું છે.

આત્મા ઉપયોગસ્વરૂપી છે, તેના જ્ઞાન અને દર્શન એ બે ભેદ છે, તેમાંથી જ્ઞાનઉપયોગના ભેદોનું આ વર્ણન ચાલે છે. અહીં પ્રત્યક્ષ અને પરોક્ષ એવા પ્રકારો બતાવે છે. જે જ્ઞાનમાં નિમિત્તરૂપ પરદ્રવ્ય નથી તે જ્ઞાન પ્રત્યક્ષ અને સ્વભાવજ્ઞાનરૂપ છે. જેમાં નિમિત્તરૂપ પરદ્રવ્યનું અવલંબન છે તે વિભાવજ્ઞાન છે.

ટીકા :—"અહીં આ ગાથાઓમાં જ્ઞાનના ભેદ કહ્યા છે."

અસહાય કાર્યસ્વભાવજ્ઞાન તે કેવળજ્ઞાન તે જ્ઞાન કેવું છે?

"જે ઉપાધિ વિનાના સ્વભાવવાળું હોવાથી કેવળ છે, આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ, ઇન્દ્રિય અને (દેશ–કાળાદિ) વ્યવધાનરહિત છે, એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (–સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી) અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છે."

કેવળજ્ઞાન એકલું છે, તેમાં કોઈ નિમિત્તની ભેળસેળ કે અશુદ્ધતા નથી; વળી તે જ્ઞાન આવરણ વગરનું હોવાથી ક્રમવગર જાણનારું છે. ઈન્દ્રિયનું નિમિત્ત તેમાં નથી, તથા દેશ–કાળનો અંતરાય તેનામાં નથી. ઘણું દૂર ક્ષેત્ર કે ઘણો લાંબો કાળ જાણવામાં પણ તેને વિઘ્ન નથી. આવું આત્માનું જ્ઞાન સામર્થ્ય છે, તેમાં જે હીનતા હોય તે આદરણીય નથી. કેવળજ્ઞાન સમસ્ત જ્ઞેયોને એક સાથે જાણનારું છે, એકેક વસ્તુને ક્રમથી નથી જાણતું તેથી તે અસહાય છે; આવું કાર્યસ્વભાવજ્ઞાન છે. પર્યાયમાં આવું જ્ઞાન પ્રગટી ગયું તેનું નામ કાર્યસ્વભાવજ્ઞાન છે.

કારણજ્ઞાન પણ તેવું જ છે. ત્રિકાળી જ્ઞાન–ઉપયોગરૂપ તે સ્વરૂપ પ્રત્યક્ષ છે, તે કારણસ્વભાવજ્ઞાન છે. જેવું કાર્યજ્ઞાન કહ્યું, તેવું જ કારણજ્ઞાન છે. શાથી?—નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.

જુઓ, અહીં ત્રિકાળી કારણજ્ઞાનમાં પણ નિજ કારણસમયસારને જાણવાનું સામર્થ્ય કહ્યું, કાંઈ તે કાર્યરૂપ નથી, પણ તેનામાં તેવું સામર્થ્ય છે. આ તો ત્રિકાળ સ્વરૂપ પ્રત્યક્ષ છે, તેમાં કોઈ ભેદ નથી પડતા.

એકરૂપ સહજચિત્શક્તિરૂપ ત્રિકાળ જ્ઞાન–ઉપયોગ છે. તેનામાં નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન–ચારિત્ર–સુખ અને સહજ પરમચિત્શક્તિરૂપ નિજ કારણપરમાત્માનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાનું સામર્થ્ય છે—એવું કારણસ્વભાવજ્ઞાન છે. આ જ્ઞાન શક્તિરૂપ છે, સ્વભાવરૂપ છે, કાર્યરૂપ નથી.

કોઈ એમ કહે કે કેવળજ્ઞાનને તો કર્મના ક્ષયની અપેક્ષાએ ક્ષાયિકજ્ઞાન કહ્યું, ને તે જ જ્ઞાનને એકલા આત્માના પારિણામિકસ્વભાવની અપેક્ષાએ સહજપારિણામિક ભાવે કહ્યું—એમ તો નથી ને?

તો કહે છે કે: ના; આ તો ત્રિકાળી ઉપયોગની વાત છે. કેવળજ્ઞાન નવું પ્રગટે છે તેની આ વાત નથી. અહીં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું તે ત્રિકાળ શક્તિરૂપ સ્વભાવની વાત છે. આ જે પરમસ્વભાવરૂપ કારણજ્ઞાન છે, તે દ્રવ્યનું વિશેષરૂપ વર્તમાન છે, ત્રિકાળ એકરૂપ છે; જ્ઞાનનો જે ત્રિકાળસ્વરૂપ પ્રત્યક્ષરૂપ ભાવ છે તેને અહીં સ્વરૂપ-પ્રત્યક્ષ કહ્યું છે. કેવળજ્ઞાનપર્યાય પ્રગટે તેને સ્વરૂપપ્રત્યક્ષ નથી કહ્યું, તેને તો સકલ-પ્રત્યક્ષ કહ્યું છે.

અહીં કેવળજ્ઞાનને કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું; અને કારણસ્વભાવજ્ઞાન પણ તેવું જ છે એમ કહ્યું, તે શક્તિરૂપ સમજવું. નિજ કારણપરમાત્મા કેવો છે? કે સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ, અને સહજ પરમચિત્શક્તિરૂપ છે, તેને યુગપદ્ જાણવાનું સામર્થ્ય કારણસ્વભાવજ્ઞાનમાં છે.

સ્વભાવિકજ્ઞાનનું આ વર્ણન છે, તેમાં કાર્ય અને કારણના બે ભેદ છે. કાર્ય-સ્વભાવજ્ઞાન તો અસહાય, શુદ્ધ ને સમસ્ત પદાર્થોને એક સાથે જાણનારું છે; ને કારણ-સ્વભાવજ્ઞાનમાં પણ તેવું સામર્થ્ય છે. આ કારણસ્વભાવજ્ઞાન–ઉપયોગ તો બધા જીવોને વર્તમાન વર્તી રહ્યો છે.

સહજપરમચિત્શક્તિ, સહજદર્શન–ચારિત્ર ને સુખ–એ બધા ત્રિકાળ સ્વભાવ છે; કારણજ્ઞાન તેને યુગપદ્ જાણવાના સામર્થ્યવાળું છે. કેવળજ્ઞાન તો બધાને પ્રત્યક્ષ જાણે છે, ને કારણસ્વભાવજ્ઞાનમાં પણ બધાને જાણવાનું સામર્થ્ય છે તેથી તે પણ

તેવું જ છે. સહજદર્શન વગેરે રૂપ નિજ કારણસમયસારને જાણવાની તાકાત છે એમ કહીને ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાનનું સામર્થ્ય બતાવ્યું છે તે કાંઈ ઉત્પાદ-વ્યયરૂપ પરિણમીને જાણતું નથી, પણ તેનામાં ત્રિકાળી તેવું સામર્થ્ય છે, તેથી તે સ્વરૂપ-પ્રત્યક્ષજ્ઞાન છે.

આમ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન એ બંને શુદ્ધ છે. સહજદર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદસ્વરૂપ જે પોતાનો કારણપરમાત્મા છે, તેને જાણવાનું સામર્થ્ય આ કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગમાં છે.

આ કયા આત્માની વાત છે? સિદ્ધ થયા તેની વાત નથી, પણ બધાય જીવોને આવો ઉપયોગ ત્રિકાળવર્તી રહ્યો છે, તેની આ વાત છે, તેની પ્રતીત કરીને તેનું અવલંબન લ્યે તો કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટી જાય છે.

કેવળજ્ઞાન એક સાથે ત્રણકાળ ત્રણલોકને જાણે એ વાત બેસવી પણ લોકોને કઠણ પડે છે. જો કેવળજ્ઞાનમાં બધુંય જણાઈ ગયું અને તેમ જ થાય, તો તો પછી કાંઈ ફેરફાર કરવાનો પુરુષાર્થ રહ્યો જ નહિ, માટે તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? એમ અજ્ઞાનીને લાગે છે, પણ ભાઈ! એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી ત્યાં જ પુરુષાર્થ આવી ગયો, એ સિવાય પરમાં કાંઈ ફેરફાર કરવાનું રહેતું નથી.

કાર્યસ્વભાવજ્ઞાન તો કેવળજ્ઞાન છે, અને તે સિવાય અહીં તો કારણસ્વભાવજ્ઞાન ઉપયોગનું વર્ણન કર્યું છે. આગળ આ ઉપદેશને "બ્રહ્મઉપદેશ" કહેશે. ૩૦ મા પાને કહેશે કે:—

"આમ સંસારરૂપી લતાનું મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી "બ્રહ્મોપદેશ કર્યો."

જુઓ, અલૌકિક વાત કરી છે.

કેવળજ્ઞાન કેમ પ્રગટે? કે નિજ કારણસમયસારને જાણનારો જે ત્રિકાળસ્વરૂપપ્રત્યક્ષ કારણસ્વભાવજ્ઞાનઉપયોગ છે, તેના આશ્રયે કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટી જાય છે.

સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ અને સહજ ચિત્શક્તિરૂપ નિજ કારણસમયસાર છે તેને યુગપદ્ જાણવાનું સામર્થ્ય કારણસ્વભાવજ્ઞાનમાં છે. આ બંને થઈને પરમ પારિણામિકભાવ પૂરો થાય છે. તે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, ને જે કેવળજ્ઞાનાદિ પર્યાયો પ્રગટે છે તે વ્યવહારનયનો વિષય છે. બંને થઈને પ્રમાણ છે.

ત્રિકાળ કારણસ્વભાવરૂપ જ્ઞાનની પ્રતીત કરતાં સાધકદશારૂપ કાર્ય પ્રગટી જાય છે. પૂરું કાર્ય તો કેવળજ્ઞાન છે. આ સિવાય બીજું કોઈ કારણ નથી. ત્રિકાળ વર્તતું કારણસ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન છે તે જ કેવળજ્ઞાનનું કારણ છે. તે સદાય એવું ને એવું બ્રહ્મસ્વરૂપ છે. માટે આ ઉપદેશને બ્રહ્મઉપદેશ કહ્યો છે. વેદાંતવાળા જે બ્રહ્મ કહે છે

તેની આ વાત નથી, તેને તો સામાન્ય-વિશેષની ખબર જ નથી. અહીં તો ત્રિકાળ શક્તિરૂપ જે કારણસ્વભાવજ્ઞાન છે તેના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટે છે તે લોકાલોકને જાણે છે.

કેવળજ્ઞાનને સ્વની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય કહેવાય છે, ને નિમિત્તની અપેક્ષાએ ક્ષાયિકભાવ કહેવાય છે. તેમ જ ક્રોધને નિમિત્તની અપેક્ષાએ ઉદયભાવ કહેવાય ને તેને જ પારિણામિકભાવની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય કહેવાય છે, ને પોતાનું પરિણમન હોવાથી તેને સ્વભાવ પણ કહેવાય છે. ક્ષાયોપશમિકજ્ઞાનને નિમિત્ત અપેક્ષાએ ક્ષયોપશમભાવ કહેવાય ને સ્વની અપેક્ષાએ તેને જ પારિણામિકભાવની પર્યાય પણ કહેવાય.

પણ અહીં તે વાત નથી. અહીં તો બધા જીવોને જે ત્રિકાળ સામર્થ્યરૂપ એક સ્વભાવજ્ઞાન-ઉપયોગ વર્તે છે તેની વાત છે.

આગળ ૪૭ મી ગાથામાં બધા જીવોને સિદ્ધ જેવા કહેશે. ત્યાં કહે છે કેઃ—
"જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે."

ત્યાં સંસારી જીવોને ભવમાં લીન કહ્યા ને વળી સિદ્ધ જેવા આઠ ગુણોથી અલંકૃત પણ કહ્યા; ત્યાં તો વર્તમાન પર્યાયને લક્ષમાં ન લેતાં તેને સિદ્ધ જેવા કહ્યા. પણ ત્યાં કાંઈ તેને સિદ્ધ જેવા આઠ ગુણો પ્રગટ નથી.

અત્યારે અહીં જે કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગ કહેવામાં આવે છે તે તો બધાય જીવોને વર્તમાન વર્તે છે. કારણસ્વભાવજ્ઞાન બધા જીવોને ત્રિકાળ છે, ને તેના આશ્રયે કાર્યસ્વભાવજ્ઞાન નવું પ્રગટે છે. આ બંને જ્ઞાનો શુદ્ધ છે.

એ રીતે શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે.

સાધકધર્મી જીવને આત્માના ભાનસહિત જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું, તેમાં ચાર પ્રકાર હોય છે; મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય.

(૧) ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા અવગ્રહાદિ ભેદથી અથવા બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.

મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે; ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (-પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે; જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે; 'આ કાળું છે,' 'આ પીળું છે' ઇત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.

મતિજ્ઞાન ચાર ભેદવાળું છે: અવગ્રહ, ઈહા (-વિચારણા), અવાય (-નિર્ણય) અને ધારણા [ વિશેષ માટે મોક્ષશાસ્ત્ર ( ટીકાસહિત ) જુઓ. ]

મતિજ્ઞાન બાર ભેદવાળું છે: બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ, અને અધ્રુવ. [ વિશેષ માટે મોક્ષશાસ્ત્ર ( ટીકાસહિત ) જુઓ. ]

(૨) લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.

શ્રુતજ્ઞાનના 'ઉપયોગ'ને અહીં ભાવનામાં સમાવી દીધા છે.

(૩) દેશ, સર્વ અને પરમના ભેદથી ( અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ એવા ત્રણ ભેદોને લીધે ) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.

અંદરમાં ઉપયોગ મૂકતાં સ્વર્ગ-નરક વગેરે જણાય તેવું આ જ્ઞાનનું સામર્થ્ય છે.

(૪) ઋજુમતિ અને વિપુલમતિ ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.

આ જ્ઞાન મુનિને જ હોય છે. બધા મુનિને મનઃપર્યય હોતું નથી. પણ કોઈ મુનિને હોય છે.

સુમતિજ્ઞાન તે સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટ સંયમધરોને હોય છે.

પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.

જુઓ, અહીં એમ બતાવ્યું કે ભલે અવધિ કે મનઃપર્યયજ્ઞાન હો કે ચોથું-પાંચમું-છઠ્ઠું ગમે તે ગુણસ્થાન હો, પણ તેમાં જો પરમભાવમાં સ્થિત હોય તો જ તે ધર્મી છે, ને તેને જ આવાં સમ્યગ્જ્ઞાન હોય છે. પરમભાવ એટલે શું? શરીરાદિ તો પર છે, પુણ્ય-પાપ વિકાર છે, ને પર્યાય તે પણ ક્ષણિકભાવ છે, તે કોઈ પરમભાવ નથી. ત્રિકાળ એકરૂપ પરમપારિણામિક સ્વભાવવાળો જે આત્મા તેને અહીં પરમભાવ કહ્યો છે. સમ્યગ્દષ્ટિ જીવો તેની ભાવનામાં જ સ્થિત હોય છે. કોઈ નિમિત્તની, સંયોગની કે વિકારની ભાવના કરે તે સમ્યગ્દષ્ટિ નથી, તેને સમ્યગ્જ્ઞાન હોતું નથી. સમ્યગ્જ્ઞાન કેમ થાય? કે જે પોતાનો કારણસમયસારસ્વભાવ છે તેની ભાવના કરવાથી જ સમ્યગ્જ્ઞાન થાય છે. ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાન સહિતનો જે આખો આત્મા તે પરમભાવ છે. તેની ભાવનામાં જે સ્થિત છે તેને જ સમ્યગ્જ્ઞાન હોય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં ભાવલિંગી સંત હો કે ચક્રવર્તી રાજમાં રહેલો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ હો, તે બંનેને આવા પરમભાવની જ ભાવના હોય છે. બહારના ક્રિયાકાંડ ઉપરથી ગુણસ્થાનનું માપ નથી, પણ પરમભાવમાં જેટલે અંશે સ્થિત થાય તે અનુસાર

ગુણસ્થાન હોય છે. જેને આવા પરમભાવનું ભાન નથી તેવા મિથ્યાદૃષ્ટિઓનાં જ્ઞાનને કુમતિ, કુશ્રુત, વિભંગ કહેવાય છે.

જ્ઞાનઉપયોગના ભેદ બતાવ્યા, તેનાં કયા પ્રત્યક્ષ છે અને કયા પરોક્ષ છે તે કહે છે.

'અહીં' (ઉપર કહેલાં જ્ઞાનોને વિશે) સહજજ્ઞાન, શુદ્ધઅંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.

આત્માનો જે ત્રિકાળ પરમસ્વભાવભાવ તે શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ છે, તેમાં કારણસ્વભાવજ્ઞાન વ્યાપક છે, તેથી તે જ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે. કારણસ્વભાવજ્ઞાન તે સહજજ્ઞાન છે ને તેને જ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે.

આ સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાનનો કદી વિરહ નથી, ત્રણે કાળે તે પ્રત્યક્ષ જ છે, તેથી તે સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન છે. તે ત્રિકાળ છે. તેનામાં આખા આત્માને યુગપદ્ જાણવાનું સામર્થ્ય ત્રણેકાળે છે. કેવળજ્ઞાન તો નવું થાય છે, અત્યારે તેનો વિરહ છે, તેથી તે સ્વરૂપપ્રત્યક્ષ નથી તે પ્રગટ્યા પછી સંપૂર્ણ પ્રત્યક્ષ છે, પણ તે સ્વરૂપપ્રત્યક્ષ નથી, ને આ સહજજ્ઞાન તો ત્રિકાળ છે. સ્વરૂપપ્રત્યક્ષ છે, ત્રણેકાળે તેનામાં પૂરું જાણવાનું સામર્થ્ય પડ્યું જ છે. આવો સ્વભાવ તે સમ્યગ્દર્શનનો વિષય છે.

જ્ઞાન દર્શન ગુણ તો ત્રિકાળ છે. તે ગુણની આ વાત નથી, પણ જેવો ગુણ છે તેવું જ તેનું સદાય વિશેષ વર્તમાન વર્ત્યા જ કરે છે, જો તેનું એકરૂપ વિશેષ ન હોય તો જ્ઞાનદર્શનનો પરમપારિણામિકભાવ સાબિત ન થાય. જેવો ધર્માસ્તિકાય વગેરેનો પર્યાય એકરૂપ ત્રિકાળ છે, તેમ આત્માનાં જ્ઞાનદર્શનમાં એકરૂપ કારણસ્વભાવ-જ્ઞાન-ઉપયોગ ત્રિકાળ વર્તે છે, અહીં ઉપયોગની વાત હોવાથી જ્ઞાન અને દર્શન એ બે ગુણના ત્રિકાળી કારણસ્વભાવજ્ઞાન-ઉપયોગની વાત લીધી છે. આગળ આખા દ્રવ્યની કારણશુદ્ધપર્યાયની વાત આવશે, તેમાં તો બધાય ગુણોની એકરૂપ કારણશુદ્ધપર્યાયની વાત આવશે. આવો સામાન્ય વિશેષથી પરિપૂર્ણ આત્મા તે સમ્યગ્દર્શનનો વિષય છે.

—×— (ક્રમશ)

[ હું પરમાત્મા છું...પેઈજ નં. ૭ થી ચાલુ ]

હું જ પરમાત્મા છું, મારામાંથી જ પરમાત્મપર્યાય ફાટવાની છે એમ નક્કી કરીને સ્વભાવની દૃષ્ટિ કરે તેને પછી સ્વભાવની મહિમા પાસે, ઈન્દ્ર ચક્રવર્તીના વૈભવો તરણાતુલ્ય-તુચ્છ ભાસે છે. આત્માના આનંદ આગળ જ્ઞાનીને આખી દુનિયા દુઃખી લાગે છે તેથી જ્ઞાની દુનિયાના કોઈ પદને ઈચ્છતા નથી. [ક્રમશઃ]

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ નિર્જરા–અનુપ્રેક્ષાનું વર્ણન ચાલે છે. નિર્જરા એટલે ખરી જવું. તે કર્મનું ખરવું આત્માના ભાનસહિત જીવને પણ થાય છે ને આત્માના ભાન વગરના જીવને પણ થાય છે; પણ તેમાં આત્માના ભાનસહિત કર્મનું ખરવું ને શુદ્ધતાનું વધવું તે જ નિર્જરા–ધર્મ છે.

**तस्य च सफलं जन्म तस्य अपि पापस्य निर्जरा भवति ।**
**तस्य अपि पुण्यं वर्द्धते तस्य च सौख्यं परं भवति ।।११३।।**

અર્થ :—જે સાધુ એ પ્રમાણે પૂર્વોક્ત પ્રકારથી નિર્જરાના કારણોથી પ્રવર્તે છે તેનો જન્મ સફળ છે. વળી તેને જ પાપકર્મની નિર્જરા થઈ પુણ્યકર્મનો અનુભાગ વધે છે. ૧૧૩.

આત્માની શુદ્ધતાની વૃદ્ધિ થતાં કર્મનું ખરી જવું તે નિર્જરા છે. બાહ્ય ક્રિયાથી કે વિકલ્પથી નિર્જરા થતી નથી. હું જ્ઞાનાનંદ વીતરાગ સ્વભાવ છું, એવા ભાનપૂર્વક જેટલા અંશે તેના અવલંબને શુદ્ધતાની વૃદ્ધિ થાય તે નિર્જરાનું કારણ છે. આવી નિર્જરાને જાણીને જે જીવ તેના કારણોમાં પ્રવર્તે છે તેનો જન્મ સફળ છે. પુણ્ય કરે તેનો જન્મ સફળ છે–એમ ન કહ્યું. આત્માના ભાન વિના એકલાં વ્રત તપ કરે તોપણ તેનો જન્મ અફળ છે. ચિદાનંદ સ્વાભાવની દૃષ્ટિ કરીને તેની શાંતિમાં જે લીન છે તે મુનિઓનો અવતાર સફળ છે. ફરીને અવતાર ન થાય–એવું સફળપણું તેમને છે. નિર્જરામાં આત્માની શુદ્ધતા વધતાં અશુભ કર્મો તો ખરે છે, ને સાથે પુણ્યનો રસ પણ વધે છે. પુણ્યની સ્થિતિ ન વધે, પણ અનુભાગ વધી જાય. અજ્ઞાની કરતાં જ્ઞાનીને પુણ્ય ઊંચી જાતનાં હોય છે. અજ્ઞાની માને કે અમે વ્રતાદિથી પુણ્ય કરીએ, તેને પુણ્યની સ્થિતિ લાંબી બંધાય, પણ રસ ઓછો હોય. જ્ઞાની કરતાં અજ્ઞાનીને પુણ્યની સ્થિતિ લાંબી બંધાય છે. અજ્ઞાનીને શાતાવેદનીયની પંદર કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે, પણ જગતમાં એટલી પુણ્યસ્થિતિ ભોગવવાનું કોઈ સ્થાન નથી, ને જ્ઞાનીને પોતાના સ્વભાવના આનંદનો અનુભવ કરતાં સાથે પુણ્યનો અનુભાગ પણ વધી જાય છે, સ્થિતિ નથી વધતી. શુદ્ધસ્વભાવની શુદ્ધતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ સાધકને નામકર્મ, યશઃકીર્તિ વગેરે પુણ્ય પ્રકૃતિઓનો રસ વધતો જાય છે. જ્ઞાનીને જ ઊંચાં પુણ્ય હોય છે—એમ અહીં બતાવ્યું છે. પણ કાંઈ તે પુણ્યનું માહાત્મ્ય નથી,

પણ ઊંચાં પુણ્ય ક્યાં હોય ? કે જ્યાં આત્માનું ભાન હોય ત્યાં જ ઊંચાં પુણ્ય હોય છે. શુદ્ધતાની સાથે તેવો પુણ્યનો અનુભાગ વધી જાય છે. શુદ્ધોપયોગ થતા પાપકર્મ તો ખરી જાય, પુણ્યની સ્થિતિ ઘટે પણ રસ વધી જાય. તીર્થંકરનામકર્મ વગેરે પ્રકૃતિ જ્ઞાનીને જ બંધાય. આમ કહીને અહીં પુણ્યનું વજન નથી આપવું, પણ આત્માની શુદ્ધતા ઉપર જોર આપવું છે. જ્ઞાનીને શુદ્ધતાની ભૂમિકામાં એવા પુણ્ય બંધાઈ જાય છે કે જેને દેખીને સાધારણ જીવો આશ્ચર્યમાં પડી જાય ! પણ જ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય ઉપર કે પુણ્યનાં ફળ ઉપર નથી, હું તો જ્ઞાનાનંદસ્વભાવ છું એવી દૃષ્ટિ છે.

જે નિર્જરાના કારણોમાં પ્રવર્તે છે તેને પાપનો નાશ થઈ પુણ્યની વૃદ્ધિ થાય છે તથા તે સ્વર્ગાદિકનાં સુખ ભોગવી ( અનુક્રમે ) મોક્ષને પ્રાપ્ત થાય છે.

જેવા પુણ્ય જ્ઞાનીને પ્રાપ્ત થાય છે તેવા પુણ્ય અજ્ઞાનીને હોતાં નથી—એમ બતાવ્યું છે, પણ જ્ઞાની કાંઈ પુણ્યના ફળમાં સુખ નથી માનતા.

यः सम सौख्यनिलीनः वारंवारं स्मरति आत्मानम् ।
इन्द्रियकषायविजयी तस्य भवेत् निर्जरा परमा ।। ११४।।

અર્થ :—જે મુનિ, વીતરાગભાવરૂપ સુખ કે જેનું નામ જ પરમચારિત્ર છે તેનાં લીન અર્થાત્ તન્મય થાય છે, વારંવાર આત્માનું સ્મરણ-ચિંતવન કરે છે તથા ઇન્દ્રિયોને જીતવાવાળા છે, તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. ૧૧૪.

આત્માનું ભાન કરીને તેના અનુભવમાં જે લીન થાય છે તેવા વીતરાગી મુનિઓ પરમ સુખી છે. જુઓ, સુકોશલ મુનિને સિંહ ફાડી ખાય છે છતાં તે વખતે તેનું દુઃખ તેમને નથી. અંદર ચિદાનંદસ્વભાવના આશ્રયે વીતરાગી અનાકુળ શાંત-ભાવનો પ્રવાહ વહે છે, તેના અનુભવમાં તેમને પરમ સુખ છે. અહો ! પરમસ્વભાવ કારણપરમાત્મા હું છું એવી દૃષ્ટિ કરીને વારંવાર તેનું સ્મરણ કરીને તેમાં લીન થાય છે, ને ઇન્દ્રિયોને જીતે છે—એવા મુનિવરોને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે. આ સિવાય જેની દૃષ્ટિ પર ઉપર છે, આહારાદિને હું છોડું છું એમ માને છે તેવા અજ્ઞાનીને તો મિથ્યાત્વ વગેરેનો તીવ્ર બંધ થાય છે, તેને નિર્જરા થતી નથી. સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે, પણ મુનિઓને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

ઇન્દ્રિય વિષય-કષાયોનો નિગ્રહ કરી પરમ વીતરાગભાવરૂપ આત્મધ્યાનમાં જે લીન થાય છે તેને ઉત્કૃષ્ટ નિર્જરા થાય છે.

પૂર્વે બાંધ્યાં કર્મ જે, ખરે તપોબલ પાય;
સો નિર્જરા કહાય હૈ, ધારે તે શિવ જાય.

પૂર્વે મિથ્યાત્વાદિભાવથી જે કર્મ બંધાયાં તે, ચિદાનંદસ્વભાવનું ભાન કરીને

તેમાં એકાગ્રતારૂપ તપ વડે ખરી જાય છે, એને નિર્જરા કહેવાય છે. જે જીવ આવી નિર્જરા ધારણ કરે છે તે મોક્ષ પામે છે.

એ પ્રમાણે નિર્જરા અનુપ્રેક્ષા પૂર્ણ થઈ. હવે લોક–અનુપ્રેક્ષાનું વર્ણન કરે છે:—

ભગવાન સર્વજ્ઞદેવે કેવળજ્ઞાનમાં આ લોકને જેવો છે તેવો જોયો છે. હું જ્ઞાતા છું ને લોક મારું જ્ઞેય છે—એ સિવાય લોકના પર પદાર્થો સાથે મારે કાંઈ સંબંધ નથી. આવા ભાનપૂર્વક ધર્મી જીવ લોકના સ્વરૂપનો વિચાર કરે છે, તેનું આ વર્ણન છે.

હવે આગળ લોકાનુપ્રેક્ષાનું વર્ણન કરીએ છીએ, ત્યાં પ્રથમ જ લોકનો આકારાદિ કહીશું, તેમાં કંઈક ગણિતને પ્રયોજનરૂપ જાણીને ( તે સંબંધીનું વર્ણન ) સંક્ષેપમાં કહીએ છીએ.

[ પૃષ્ઠ ૫૮ થી ૬૫ સુધી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાંથી જોઈ લેવું. ]

"દ્રવ્યમાં તો સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુ, ક્ષેત્રમાં આકાશનો પ્રદેશ, કાળમાં સમય તથા ભાવમાં અવિભાગપ્રતિચ્છેદ એ ચારેનું પરસ્પર પ્રમાણ સંજ્ઞા છે, અલ્પમાં અલ્પ તો આ પ્રમાણે છે તથા વધારેમાં વધારે દ્રવ્યમાં તો મહાસ્કંધ, ક્ષેત્રમાં આકાશ, કાળમાં ત્રણેકાળ તથા ભાવમાં કેવળજ્ઞાન જાણવું."

સૂક્ષ્મ પરમાણુને, સૂક્ષ્મ પ્રદેશને, સૂક્ષ્મ કાળને તથા એક અવિભાગી અંશને—એ બધાને પણ કેળજ્ઞાન જાણી લ્યે છે ને જગત્ વ્યાપી મહાસ્કંધ મોટામાં મોટો છે તેને પણ ભગવાન આત્મા જાણી લ્યે છે. અલોકનું ક્ષેત્ર સૌથી મોટું છે તેને પણ જ્ઞાન જાણી લ્યે છે. કાળમાં ત્રણકાળ મોટા છે ને ભાવમાં કેવળજ્ઞાન સૌથી મહાન છે.

કાળમાં એક આવલીના જઘન્યયુક્તાસંખ્યાત સમય છે. અસંખ્ય આવલીનું એક મુહૂર્ત છે. ત્રીસ મુહૂર્તનો એક રાત્રિદિવસ, ત્રીસ રાત્રિદિવસનો એક માસ છે અને બારમાસનું એક વર્ષ છે. ઈત્યાદિ જાણવું.

सर्वाकाशमनन्तं तस्य च बहुमध्यसंस्थितः लोकः।
सः केन अपि नैव कृतः न च धृतः हरिहरादिभिः ।।११५।।

અર્થ:—આકાશ દ્રવ્યનો ક્ષેત્ર-પ્રદેશ અનંત છે, તેના અતિ મધ્યપ્રદેશમાં અર્થાત્ વચોવચ્ચના ક્ષેત્રમાં રહે છે તે લોક છે, તે ( લોક ) કોઈએ કર્યો નથી તથા કોઈ હરિહરાદિએ ધારેલો વા રાખેલો નથી. ૧૧૫.

ચારે બાજુ તથા ઉપર અને નીચે અનંત અનંત અલોકાકાશ છે, તેની બરાબર વચમાં આ લોક નિરાલંબપણે રહેલો છે. અહો! ચિદાનંદના જ્ઞાન મહિમાનો પાર

નહિ, ને ક્ષેત્રમાં આકાશનો પાર નહિ એવા અનંત અનંત અપાર અલોકને પણ ભગવાન આત્મા કેવળજ્ઞાનસ્વભાવથી જાણી લ્યે છે. અહો! આકાશનો ક્ષેત્રસ્વભાવ ને આત્માનો જ્ઞાનસ્વભાવ!! લોકની બહાર એમ ને એમ આગળ આગળ વિચારો કે ત્યાં શું હશે? બહારમાં ખાલી...ખાલી...ખાલી જગ્યા, ત્યાં કયાંઈ તેનો છેડો આવતો નથી. લોકની બહાર બધે અનંત અલોકાકાશ છે. તેને કોઈએ બનાવેલ નથી. સ્વયંસિદ્ધ લોક–અલોક અનાદિ છે. અનંત અલોકની બરાબર મધ્યમાં લોક રહેલો છે.

અનંત અલોકમાં કયાંય છેડો ન હોય, મોટા ક્ષેત્રમાં એક રાઈનો દાણો પડચો હોય, તેમ અનંત અલોકની મધ્યમાં લોક તો રાઈના દાણા જેવો છે. રાઈનો દાણો તો લોકના અસંખ્યાતમા ભાગનો છે ને આ લોક તો અલોકના અનંતમાં ભાગનો છે. તે લોક અનાદિ સ્વયંસિદ્ધ છે, કોઈએ તેને બનાવ્યો નથી, કોઈએ તેને ટકાવ્યો નથી ને કોઈ તેનો નાશ કરતું નથી.

ભાવાર્થ:–"કોઈ અન્યમતોમાં કહે છે કે: 'લોકની રચના બ્રહ્મા કરે છે, નારાયણ રક્ષા કરે છે, શિવ સંહાર કરે છે, કાચબાએ વા શેષનાગે તેને ધારણ કર્યો છે. પ્રલય થાય છે ત્યારે સર્વ શૂન્ય થઈ જાય છે અને બ્રહ્મની સત્તા માત્ર રહી જાય છે તથા એ બ્રહ્માની સત્તામાંથી (ફરીથી) સૃષ્ટિની રચના થાય છે" ઈત્યાદિ અનેક કલ્પિત વાતો કહે છે તે સર્વનો નિષેધ આ સૂત્રથી જાણવો. આ લોક કોઈનો કરેલો નથી, કોઈએ (પોતાના ઉપર) ધારણ કરેલો નથી તથા કોઈથી નાશ પામતો નથી, જેવો છે તેવો જ શ્રી સર્વજ્ઞે દીઠો છે અને તે જ વસ્તુસ્વરૂપ છે.

જુઓ, આવા વસ્તુસ્વરૂપના ચિંતવનથી જ્ઞાનીને વીતરાગતા વધીને સંવર નિર્જરા થાય છે. લોકની નીચે કોઈ ટેકો નથી. કોઈ શેષનાગ કે કાચબાએ તેને ધારી રાખ્યો નથી, પણ અલોકની વચમાં એમ ને એમ સ્વયંસિદ્ધ આખો લોક રહેલો છે. ઈશ્વર તો શુદ્ધ આત્મા છે, તે ઈશ્વર જગતના કોઈ પદાર્થને રચે નહિ. આ લોક કોઈથી કરાયેલો નથી, કોઈએ તેને ધારી રાખ્યો નથી, ને કોઈથી તેનો સંહાર થતો નથી. અનાદિથી સ્વયંસિદ્ધ છે; તેને જેવો છે તેવો સર્વજ્ઞદેવે દેખ્યો છે. આવું જ વસ્તુસ્વરૂપ છે.

લોકમાં શું છે? તે કહે છે:—

**अन्योन्यप्रवेशेन च द्रव्याणां अस्तित्वं भवेत् लोकः ।**
**द्रव्याणां नित्यत्वात् लोकस्य अपि जानीहि नित्यत्वम् ॥११६॥**

અર્થ:— જીવાદિ દ્રવ્યોના પરસ્પર એક ક્ષેત્રાવગાહરૂપ પ્રવેશ અર્થાત મેળાપ-રૂપ અવસ્થાન છે તે લોક છે. જે દ્રવ્ય છે તે નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે એમ જાણો. ૧૧૬.

જીવ-પુદ્‌ગલ વગેરે છ દ્રવ્યો જેટલાં ભાગમાં રહેલાં છે તે જ લોક છે ને છએ દ્રવ્યો વસ્તુપણે નિત્ય છે, તેથી લોક પણ નિત્ય છે. કેમ કે છ દ્રવ્યથી ભિન્ન કોઈ લોક નથી, એટલે સૃષ્ટિનો કોઈ કર્તા-હર્તા નથી. અહો ! જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ વસ્તુ છે તેને જાણીને તેમાં ઠરતાં આ લોકાલોક સમય માત્રમાં જણાઈ જાય છે, એવો જ્ઞાનસ્વભાવનો અચિંત્ય મહિમા છે. જ્ઞાનસ્વભાવની પ્રતીત વગર આવા લોકને યથાર્થ જાણી શકે નહિ. લોક સ્વતંત્ર છે ને લોકમાં છએ દ્રવ્યો સ્વતંત્ર છે, તેનો કર્તા-હર્તા કોઈ નથી. લોકનાં છએ દ્રવ્યો નિત્ય છે તેથી લોક પણ નિત્ય છે.

આગળ કોઈ તર્ક કરે કે જો લોક નિત્ય છે તો આ ઉપજે છે ને વિણસે છે તે કોણ છે? તેના સમાધાનરૂપ ગાથા કહે છે :—

**परिणामस्वभावात् प्रतिसमयं परिणमन्ति द्रव्याणि ।**
**तेषां परिणामात् लोकस्य अपि जानीहि परिणाम् ॥ ११७ ॥**

**અર્થ :—આ લોકમાં છએ દ્રવ્યો છે તે પરિણામસ્વભાવી છે, તેથી તે સમયે સમયે પરિણમે છે, તેના પરિણમવાથી લોકના પણ પરિણામ જાણો. ૧૧૭.**

જુઓ, પહેલાં નિત્ય દ્રવ્યની વાત કરીને પછી તેના પરિણામની વાત લીધી; એ પ્રમાણે ક્રમસર વાત કરી છે. છએ દ્રવ્યો છે તે પરિણામસ્વભાવવાળા છે. દ્રવ્યોને કોઈ બીજો પરિણમાવનાર નથી. પણ બધાં દ્રવ્યો સ્વભાવથી જ પરિણમે છે. છ દ્રવ્યો ન માને તો તે સર્વજ્ઞને માનતો નથી. કાળ પણ મૂળ દ્રવ્ય છે—એવો તેમનો સ્વભાવ છે. સિદ્ધ ભગવંતોને કાળને લીધે પરિણમવું પડે છે—એમ નથી. અનંત અલોક તેની મધ્યમાં લોક. તે લોક છ દ્રવ્યસ્વરૂપ છે, તે છએ દ્રવ્યો નિત્ય હોવાથી લોક પણ નિત્ય છે ને તે છએ દ્રવ્યો પરિણામસ્વભાવી છે તેના પરિણમવાથી લોકના પણ પરિણામ જાણો. આ રીતે નિત્ય અને પરિણામી-એમ બે વાત કરીને વસ્તુનું સ્વરૂપ બતાવ્યું.

જગતના જીવો પરિણામસ્વભાવી છે, એટલે કોઈ કોઈને મારી કે બચાવી શકતું નથી. શરીરના પરિણામ તેનાથી થાય છે. આત્મા તેનો કર્તા નથી. છએ દ્રવ્યોમાં દ્રવ્યગુણ છે, તેથી તેઓ સમયે સમયે નવી નવી હાલતરૂપે પરિણમે છે. બીજો એમ માને કે હું તેને બદલાવું-તો તે મિથ્યાદૃષ્ટિ છે. જીવ શું કરે? જાણવા-દેખવાના પરિણામ કરે અને અજ્ઞાની તેમાં અભિમાન કરે કે 'મેં પરને બચાવી દીધા, મારાથી આ મર્યા!' ધર્મી સમ્યગ્દૃષ્ટિ તો જાણે છે કે હું જ્ઞાનસ્વભાવી છું, ને આખો લોક મારું જ્ઞેય છે તેમાં છએ દ્રવ્યો સમયે સમયે પરિણમે છે. કર્મને લીધે આત્માના પરિણામ થાય-એ વાત રહેતી નથી. દુશ્મનને લીધે ભયના પરિણામ થાય—એમ નથી. લોકને કોઈનો ટેકો નથી કે તેનો કોઈ કર્તા નથી, તેમ લોકના

કોઈ દ્રવ્યના પરિણામનો પણ કોઈ બીજા કર્તા નથી. લોકમાં છએ દ્રવ્યો ભલે એક ક્ષેત્રે રહ્યાં છે તોપણ કોઈ કોઈનું કર્તા નથી. દરેક દ્રવ્ય પોતે જ પરિણામસ્વભાવી છે. આવા સ્વભાવને જાણે તો જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય ને પરનું અભિમાન ઊડી જાય.

દ્રવ્ય છે તે પરિણામસ્વભાવી છે અને દ્રવ્યોનો સમુદાય તે લોક છે, તેથી દ્રવ્યોના પરિણામ તે જ લોકના પણ પરિણામ છે. જેમ ત્રિકાળી દ્રવ્યોનો કોઈ કર્તા નથી તેમ તેની પર્યાયનો પણ કોઈ કર્તા નથી.

પ્રશ્ન:—પરિણામ એટલે શું ?

ઉત્તર:—પરિણામ એટલે પર્યાય, અવસ્થા. દ્રવ્ય પહેલાં એક અવસ્થારૂપ હતું તે અવસ્થા પલટીને બીજી નવી અવસ્થારૂપે થયું તેનું નામ પરિણામ અથવા પર્યાય છે. લાકડું નીચે હોય ને ઊંચું થાય—તે તેના પરિણામ છે. વસ્તુની વર્તમાન અવસ્થા તે પરિણામ છે. એક પરિણામ બદલીને બીજા પરિણામરૂપે દ્રવ્ય પોતે થાય છે, કોઈ બીજો તેના પરિણામને કરતો નથી. દ્રવ્ય સદા એકરૂપ રહે છે, ને તેની પર્યાયો સમયે સમયે પલટાયા કરે છે. પરની પર્યાયને મેં ફેરવી કે મારી પર્યાયને બીજો ફેરવે એમ માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. પરજીવની દયાનો ભાવ થાય તે પુણ્ય છે, પણ તે વખતે એમ માને કે "મારા ભાવને લીધે મેં પરજીવને બચાવી દીધો" તો તેને મિથ્યાત્વનું મહાપાપ સાથે બંધાય છે. જ્ઞાનીને પણ શુભભાવ તો આવે, પણ તેને વસ્તુસ્વરૂપનું ભાન છે કે મારે લીધે પરજીવ બચતો કે મરતો નથી. દ્રવ્ય પોતે એક અવસ્થામાંથી પલટીને બીજી અવસ્થારૂપે થાય છે. જેમ કે માટીની પિંડરૂપ અવસ્થા હતી, તે પલટીને ઘટરૂપ અવસ્થા થઈ. લોટ હતો તે પલટીને રોટલી થઈ, તે બંને પરમાણુઓના પરિણામ છે. કોઈ કુંભાર ઘડાનો કર્તા નથી ને બાઈ રોટલીની કર્તા નથી. પરિણામને વસ્તુ પોતે જ કરે છે. આ પ્રમાણે દરેક વસ્તુના પરિણામ સમજવા.

લોકનો આકાર એવો ને એવો રહેલો હોવા છતાં તેના પરિણામ સમય સમયમાં પલટી રહ્યા છે. લાકડું સ્થૂળપણે એવું ને એવું લાગે છે, પણ એક સેંકડમાં તેના અસંખ્ય અવસ્થાઓ પલટી જાય છે. છ દ્રવ્યોની પર્યાયો પલટવા છતાં લોકનો આકાર નિત્ય એકરૂપ છે, તે લોકનો આકાર તથા તેનું માપ હવે કહે છે:—

सप्त एकः पञ्च एकः मूले मध्ये तथैव ब्रह्मान्ते ।
लोकान्ते रज्जवः पूर्वापरतः च विस्तारः ॥११८॥

અર્થ:—લોકનો નીચે મૂળમાં પૂર્વ-પશ્ચિમ તો સાત રાજુ વિસ્તાર છે, મધ્યમાં એક રાજુ વિસ્તાર છે, ઉપર બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ વિસ્તાર છે તથા લોકના અંતમાં એક રાજુનો વિસ્તાર છે. ૧૧૮.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૪ ]

મન–વચન–કાયામાં

# મમત્વથી સંસાર, નિર્મમત્વથી મુક્તિ

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૨ )

આ ઇષ્ટોપદેશ શાસ્ત્ર ચાલે છે, તેની ૨૭ મી ગાથા ફરી લઈએ છીએ. શિષ્યનો પ્રશ્ન હતો કે ધર્મી પોતાના આત્માને કેવો જાણે છે અને કેમ વેદે છે? આ પ્રશ્નનો ઉત્તર પૂજ્યપાદસ્વામી ૨૭ મી ગાથામાં આપે છે.

નિર્મમ, એક, વિશુદ્ધ હું, જ્ઞાની યોગી ગમ્ય,
સંયોગી ભાવો બધાં, મુજથી બાહ્ય અરમ્ય. ૨૭.

ધર્મી દ્રવ્યાર્થિકનયે પોતાના આત્માને એક વસ્તુરૂપે કાયમ રહેનારો જાણે છે. જ્ઞાની જાણે છે કે પૂર્વની અને ભવિષ્યની પર્યાયોમાં સળંગ રહેનારો હું એક છું. ધ્રુવ છું—સદૃશ છું.

ધર્મી જાણે છે કે હું 'નિર્મમ' છું. 'આ મારું અને હું તેનો' એવા વિપરીત અભિપ્રાયથી હું રહિત છું. દેહાદિ પરપદાર્થ કે પુણ્ય-પાપ આદિ મારાં અને હું તેનો, એવા અભિપ્રાયથી હું શૂન્ય છું.

અજ્ઞાની એમ માને છે કે હું રાગ–દ્વેષથી સહિત છું અને મારા સ્વભાવથી રહિત છું. અજ્ઞાની ત્રિકાળ ધ્રુવ નિજ સ્વભાવને ભૂલી જઈને ક્ષણ–ક્ષણની અવસ્થા જેટલો જ હું અને રાગ–દ્વેષ તે મારાં એમ માને છે. હું જડકર્મોથી બંધાયેલો છું એમ અજ્ઞાની માને છે, જ્યારે જ્ઞાની અત્યારે જ હું શરીર, જડકર્મ અને રાગ–દ્વેષથી રહિત અને મારાં સ્વભાવથી સહિત છું એમ માને છે. ધર્મી જાણે છે કે પર્યાયમાં મારે ભાવકર્મ સાથે સંબંધ છે. દ્રવ્યકર્મ અને નોકર્મ સાથે પણ નિમિત્ત–નૈમિત્તિક સંબધ છે પણ દ્રવ્યદૃષ્ટિએ તો અત્યારે જ હું એ બધાંથી રહિત એક, નિર્મમ છું.

આમ ધર્મીની દૃષ્ટિ હંમેશા દ્રવ્ય ઉપર જ હોય છે.

ધર્મી જાણે છે કે હું તો સ્વ અને પરને પ્રકાશનારો સ્વપરપ્રકાશકસ્વભાવી છું. હું દરેક પરદ્રવ્યને જાણનારો છું પણ કોઈનું કામ કરી દેવાનો મારો સ્વભાવ નથી. જુઓ આ ધર્મીની દૃષ્ટિ! શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર, ગામ, નગર કે દેશનું કોઈનું કાંઈ કરી દેનારો તે હું નહિ. કોઈને કાંઈ મદદ કરું એવું મારા સ્વરૂપમાં નથી.

પ્રશ્ન :—પણ એક-બીજા મદદ કરતાં હોય એવું દેખાય છે ને!

પૂજ્ય ગુરુદેવ :—એ તો રાગ કરે છે. કોઈ કોઈનું કાંઈ કરી શકતા નથી. અજ્ઞાની જીવને એમ લાગે કે હું પરિવારનું, દુકાનનું, દેશનું કેટલું ધ્યાન રાખું છું ત્યારે બધું સરખું ચાલે છે. પણ આ અજ્ઞાનીની વિપરીત માન્યતા છે. ત્રણકાળ ત્રણલોકમાં કોઈ કોઈનું કાંઈ કરી શકતા નથી. હું તો બધાંને માત્ર જાણું છું. કોઈનું કાંઈ કરી દઉં એ મારો સ્વભાવ જ નથી. ભગવાને આમ કહ્યું છે અને ધર્મી પણ આમ જાણે છે. પણ અજ્ઞાનીને તો વિપરીત માન્યતાની ભ્રમણાનું ભૂત વળગ્યું છે એટલે તે કાંઈ આમ માનતો નથી અને પરનો કર્તા થવા જાય છે.

વળી પૂજ્યપાદસ્વામી કહે છે કે જ્ઞાની એમ જાણે છે કે મારો આત્મા કેવળીઓ વડે અનંત પર્યાયો સહિત વેદાવા યોગ્ય છે. એટલે આત્મા કેવળજ્ઞાનમાં અનંત પર્યાયો સહિત જણાવાયોગ્ય છે અને શુદ્ધ ઉપયોગમાત્રપણે શ્રતકેવળીઓ વડે સંવેદ્ય છે અને હું પણ મારા શ્રુતજ્ઞાન વડે શુદ્ધઉપયોગમાત્રપણે વેદાવા યોગ્ય છું. શરીર, કર્મ, વિકારાદિ સહિત આત્માને હું વેદતો નથી.

લોકોને તો કાંઈક દયા-દાન, વ્રત-ભક્તિની ક્રિયા કરવાનું હોય તો ધર્મ કરીએ છીએ એમ લાગે. પણ અહીં તો કહે છે કે આત્મા પરપદાર્થનું ત્યાગ-ગ્રહણ તો કરી શકતો નથી પણ દયા–દાન–વ્રતાદિના વિકલ્પ કરવા એ પણ આત્માનું સ્વરૂપ નથી. આ વાત લોકોને આકરી પડી જાય છે.

આત્માનું સ્વરૂપ કેવું છે? તેનો ઉત્તર આપ્યો કે હું દ્રવ્યસ્વરૂપે અનંતી પર્યાયમાં સળંગરૂપે રહેનારો 'એક' છું. શરીર રાગાદિ મારાં અને હું તેનો એવાં વિપરીત અભિપ્રાયથી શૂન્ય હું 'નિર્મમ' છું, શુદ્ધનયે જડકર્મ અને વિકારી પરિણામથી હું મુક્ત છું. સ્વ-પરપ્રકાશ સ્વભાવી છું અને કેવળજ્ઞાનીઓ વડે પૂર્ણ અનંત પર્યાય સહિત વેદાવા લાયક છું અને શ્રુતજ્ઞાની વડે શુદ્ધ–ઉપયોગમાત્રપણે વેદાવાયોગ્ય છું.

આહાહા...! એક જ ગાથામાં કેટલો સાર ભરી દીધો છે! કેટલા વિશેષણોથી આત્માનું સ્વરૂપ જાહેર કર્યું છે! હે ભવ્ય! તું તેનો તાગ લઈ લે! એટલે ઊંડાણથી તેને ઓળખી લે! જિજ્ઞાસુ જીવોએ તો આ એક જ કરવા જેવું છે. બાકી તો બધાં દસરડાં છે. સંકલ્પની–વિકલ્પની જાળોમાં જિજ્ઞાસુએ ફસાવા જેવું નથી.

શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, મકાન, દુકાન આદિ સર્વથા સર્વપ્રકારે મારાથી જુદાં છે. સર્વથા એટલે તેના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ આદિ બધું મારાંથી ભિન્ન છે એમ જ્ઞાની જાણે છે.

હવે ૨૮ મી ગાથામાં કહે છે કે દેહાદિ પરદ્રવ્યના સંબંધથી જ જીવને દુઃખ ભોગવવું પડે છે.

દેહીને સંયોગથી, દુઃખ સમૂહનો ભોગ,
તેથી મન-વચ-કાયથી, છોડું, સહુ સંયોગ. ૨૮.

પોતાના આનંદસ્વભાવને છોડીને જડકર્મના નિમિત્તે મળેલા પરદ્રવ્યોની સાથે જીવ સંબંધ કરે છે તેથી આકુળતા અને દુઃખ પામે છે.

આત્મા અનાકુળ શાંતરસનો કંદ છે તેનું લક્ષ કરતા આનંદનું વેદન થાય છે અને તેનું લક્ષ ન કરતાં—પરસંયોગોનું લક્ષ કરતાં જીવને ચાર ગતિના દુઃખો ભોગવવા પડે છે.

જેમ માખી કફને સાકર સમજીને ઝડપથી તેનો રસ લેવા બેસવા જાય ત્યાં તો પાંખ ચોંટી જાય છે તેમ આ જીવને કર્મના નિમિત્તથી મળેલા સંયોગો બધાં કફ જેવા છે. તેમાં જેટલો સંબંધ કરવા જાય તેટલી આકુળતા અને દુઃખ થાય છે. નિત્યાનંદ-સુખસ્વરૂપ પોતાની વસ્તુને છોડીને જેટલો પરસંગ કરે છે તે બધો કલેશ છે–આકુળતા છે. પરસંગ કરનાર ભલે રાજા હો, શેઠિયા હો કે ભિખારી હો, પણ બધાંને દુઃખ છે, કલેશ છે. પોતાના પરિણામની મંદતા અને ઉગ્રતાના પ્રમાણમાં દુઃખ હોય પણ છે તો દુઃખ જ. પરપદાર્થના સંગથી ત્રણકાળમાં ક્યારેય સુખ થતું નથી.

જ્ઞાની એમ વિચારે છે કે મન-વચન-કાયાના યોગથી જ મારે પરનો સંબંધ થાય છે. તેથી મારાં સ્વભાવનો સંબંધ કરીને હું તે પરસંબંધને મન-વચન-કાયાથી છોડું છું.

ભાઈ! આ તો આખી દુનિયાથી જુદી જાતનો માર્ગ છે. અહીં તો એટલે સુધી કહે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુનો સંબંધ પણ આકુળતા ઉત્પન્ન કરનાર છે.

પ્રશ્ન :–સાહેબ! દેવ-શાસ્ત્ર-ગુરુના સંબંધમાં તો અપવાદ રાખવો હતો?

પૂજ્ય ગુરુદેવ :–તેમાં પણ અપવાદ નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પરદ્રવ્ય છે ને! તો તેના તરફનું લક્ષ પુણ્યનું કારણ છે તે પણ આકુળતા જ છે.

અહીં 'મન-વચન-કાયાથી પરસંગ છોડું છું' એમ કહ્યું છે. તેમાં આશય એવો છે કે મન-વચન-કાયાના આલંબન વડે ચંચળ થતાં આત્માના પ્રદેશોને ભાવોથી રોકું છું. એટલે કે મારાં અકંપ સ્વભાવથી વિરૂદ્ધ ચંચળ ભાવોને રોકીને સ્વભાવ તરફ હું ઢળું છું. એમ જ્ઞાની કહે છે.

જુઓ! આ ઇષ્ટઉપદેશ છે. પરપદાર્થનો સંબંધ છોડીને સ્વભાવનો સંબંધ કરવો તે આત્માને હિતકર છે એવો ઉપદેશ તે ઇષ્ટ ઉપદેશ છે અને પરસંબંધથી લાભ માનવો તે અહિતકર-અનિષ્ટ ઉપદેશ છે.

એક તરફ રામ અને એક તરફ ગામ છે. એક તરફ ભગવાન આત્મા અનંત

આનંદનો પિંડ મહાપદાર્થ છે. તે સ્વપદાર્થનો સંગ સુખદાયક છે. એવો સંતોનો ઉપદેશ તે હિતકર-ઇષ્ટઉપદેશ છે અને પરસંગથી લાભ થાય એવો ઉપદેશ તે અનિષ્ટ ઉપદેશ છે અને પરથી લાભ માનવાનો ભાવ પણ અહિતકાર છે.

વીતરાગ પોતે એમ કહે છે કે ભાઈ! અમારી તરફનો તારો ઝુકાવ એ પણ અહિતકર છે. આ તો ગજબ વાત છે ને! 'અમે પણ બાપુ! તારા હિસાબે પરદ્રવ્ય છીએ,' આવી વાત વીતરાગ સિવાય બીજુ કોણ કહે? વીતરાગ કહે છે ભાઈ! તારું તત્ત્વ બધાંથી નિરાળુ છે. દ્રવ્યકર્મના ઉદયથી મળેલ સંયોગોથી તારું તત્ત્વ નિરાળુ છે. તારું તત્ત્વ તો સ્વભાવની અનંતી શાંતિથી સહિત છે-એવા નિજતત્ત્વનો આશ્રય કરી તું તેમાં લપેટાઈ જા. ભાઈ! સ્વદ્રવ્યના આશ્રયથી જ સુગતિ છે, પરદ્રવ્યના આશ્રયથી તો દુર્ગતિ છે.

જ્ઞાનીને સ્વરૂપમાં ન ઠરી શકે ત્યારે પરસંગનો શુભરાગ આવે. ખરો, પૂજા-ભક્તિના ભાવ આવે, પણ તે હેય છે એમ જ્ઞાની જાણે છે. સ્ત્રી, પુત્રાદિ પરદ્રવ્યના લક્ષે અશુભરાગ થાય તેનાથી બચવા જ્ઞાનીને શુભરાગ આવે પણ તે હેય છે, વ્યવહાર છે. સ્વદષ્ટિમાં-નિશ્ચયમાં તો તે વ્યવહારનો નિષેધ જ છે.

ભગવાન આત્મા પોતે કૃપાસાગર છે તેને બીજાની કૃપા બહારથી લેવા જવી પડતી નથી. 'કરુણા હમ પાવત હૈં તુમકી, વહ બાત રહી સગુરુગમકી.' અંદરના ભગવાનની જેને કૃપા થઈ છે તેને ભગવાનની કૃપા થઈ તેમ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા મન-વચન-કાયાથી ભિન્ન છે એ પ્રકારનો અભ્યાસ કરવાથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે અને મન-વચન-કાયાથી આત્મા અભિન્ન છે એવા અભ્યાસથી દુ:ખરૂપ સંસારની પ્રાપ્તિ થાય છે. આ તો ભાઈ! ઠરીને સાંભળવા જેવી વાત છે.

પ્રશ્ન:-આપ કહો છો કે પરદ્રવ્યનો સંગ ન કરવો પણ અમે આ દુકાન માંડીને બેઠા છીએ તેનું શું કરવું? લગ્ન કર્યા, પુત્રાદિ થયાં તેનું શું કરવું? બધાંને ઠેકાણે તો પાડવા કે નહિ?

પૂજ્ય ગુરુદેવ:-અરે ભાઈ! તું તારા મન-વચન-કાયામાં પણ કાંઈ ફેરફાર કરી શકતો નથી, તો પરદ્રવ્યનું કાર્ય કરવા કયાં દોડયો છો? દરેક દ્રવ્યનું કાર્ય તેનામાં સ્વયં થાય છે તેનો કર્તા તું નથી ભાઈ! શરીરાદિ કોઈ પણ પરદ્રવ્યમાં હું કાંઈ કરી શકું છું એમ માનવું તે મોટી ભ્રમણા છે.

પ્રશ્ન:-એ ભ્રમણા કાઢી નાખીએ તો પગ દુખતા હોય તે મટી જાય કે નહિ?

પૂજ્ય ગુરુદેવ:-અરે! પણ એ તારી ચીજ જ નથી તો એ મટે કે ન મટે તેથી

તારે શું? પોતાનો બંગલો બળતો હોય તેને ઠારે તે બરાબર પણ જંગલમાં ખાલી ઝૂપડી કોઈની પડી હોય તે બળી જતી હોય તે ઠારીને તારે શું મતલબ? તેમ આત્મા વિનાના ખાલી ઝંપડા જેવા જડ શરીરમાં કાંઈક રોગ થાય તેને દૂર કરવાથી આત્માને શું લાભ થાય? આત્માને શરીર જ નથી, રોગ જ નથી, પછી દુઃખ શા? આત્માનું દુઃખ તો એ રોગ, શરીરાદિમાં સંબંધ માનવો તે દુઃખ છે.

શ્લોકમાં એકદમ સાર કહી દીધો છે કે 'મન–વચન–કાયા' મારા છે એવા અભ્યાસથી સંસાર છે અને 'મન–વચન–કાયા' મારા નથી એવા અભ્યાસથી મોક્ષ છે. હવે તને ઠીક પડે તેમ કર!

(ક્રમશઃ)

—o—

[ વૈરાગ્યજનની........પેઈજ નં. ૧૯ થી ચાલુ ]

**ભાવાર્થ**:—આ લોક નીચલા ભાગમાં પૂર્વ–પશ્ચિમ દિશામાં સાત રાજુ પહોળો છે, ત્યાંથી અનુક્રમે ઘટતો ઘટતો મધ્યલોકમાં એક રાજુ રહે છે, પછી વધતો વધતો બ્રહ્મસ્વર્ગના અંતમાં પાંચ રાજુ પહોળો થાય છે, પછી ઘટતો ઘટતો અંતમાં એક રાજુ રહે છે, એ પ્રમાણે થતા દોઢ મૃદંગ ઊભા મૂકીએ તેવો આકાર થાય છે.

આવો લોક કોઈનો કરેલો નથી, કોઈ તેનો હરનાર નથી, તેને જેમ છે તેમ જાણવાનો મારો સ્વભાવ છે એમ વિચારતાં ધર્મી જીવને જ્ઞાનસ્વભાવના અવલંબને શુદ્ધતા વધે છે, ને સંવર–નિર્જરારૂપ ધર્મ થાય છે, તે માટે આ ભાવનાઓનું વર્ણન છે.

[ –ક્રમશઃ ]

—o—

[ પોતાનો મહિમા...પાનું ૨૭ થી ચાલુ ]

'હું પણ સ્વભાવે આવો જ છું, વિજ્ઞાનઘન અતીન્દ્રિય આનંદનો કંદ છું' એમ પોતાના ચૈતન્યસ્વભાવનો મહિમા આવે છે. પ્રવચનસારમાં આવે છે ને?—

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુમોહ પામે લય ખરે.

જે જીવ અર્હંતનો મહિમા દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે નિજ આત્માને જાણે છે; નિજ આત્માનો મહિમા જાણવાથી તેનો મોહ નષ્ટ થઈ જાય છે. તેથી અહીં બેને કહ્યું છે કે—ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્ય–મહિમા સમજવામાં નિમિત્ત થાય છે. અહા! આ તો અધ્યાત્મતત્ત્વની સૂક્ષ્મ વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

—o—

# * પોતાનો મહિમા જ પોતાને તારે *

પોતાનો મહિમા જ પોતાને તારે. બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

'પોતાનો મહિમા જ પોતાને તારે.'

અતીન્દ્રિય સહજ જ્ઞાન અને અતીન્દ્રિય સહજ આનંદસ્વરૂપ એવો જે નિજ ચૈતન્ય મહાપદાર્થ—જ્ઞાયક ભગવાન આત્મા—તેનો જો અંતરમાં યથાર્થ મહિમા ખ્યાલમાં આવ્યો હોય તો જ આત્માને સ્વાનુભૂતિનો ઉપાય હાથમાં આવે છે. પોતાના જ્ઞાયકસ્વભાવનો મહિમા જ પોતાને ભવસમુદ્રમાંથી તારે છે. પૂજા-ભક્તિ, દયા-દાન ને વ્રત-તપના ભાવ આવે છે તે શુભરાગ છે, વિભાવ છે. તેનો જેને મહિમા આવે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, ભવસાગરમાં ડૂબી મરનાર અજ્ઞાની છે. સમસ્ત પ્રકારના વિભાવોથી રહિત પોતાના સહજાત્મસ્વરૂપ જ્ઞાયક મહાપ્રભુનો અદ્‌ભુત મહિમા જેને અંતરમાં પરિણમ્યો છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે. તેને તરવાનો ઉપાય હાથમાં આવી ગયો છે.

'બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે.'

દેવ-શાસ્ત્ર-ગુરુની, પંચપરમેષ્ઠી ભગવાનની કે પ્રત્યક્ષ સત્પુરુષની બહારની ભક્તિ તથા બહારના મહિમાથી આત્માનો ધર્મ પ્રગટ થતો નથી; જ્ઞાતાપરિણતિમાં જ્ઞાયકના નિજ મહિમાથી સમ્યગ્દર્શન, આત્મશાંતિ વગેરે નિર્મળ પર્યાયરૂપ આત્મધર્મ પ્રગટ થાય છે. બહારનાં ભક્તિ-મહિમાના પરિણામ શુભરાગ છે, વિભાવસ્વરૂપ હોવાથી આત્માના સ્વભાવથી જુદા છે. દયા-દાન, પૂજા-ભક્તિ કે વ્રત-તપના-શુભ વિકલ્પોથી

નહિ પણ અંદર ભગવાન આત્માની નિર્મળ પરિણતિમાં આત્માના નિજ મહિમાથી તરાય છે—ભવસાગરનો અંત આવી જાય છે.

અંદર ચૈતન્યસ્વભાવના ભાન વિના જીવે અનંતવાર દિગંબર મુનિવ્રત ધારણ કર્યાં, હજારો રાણીઓનો ત્યાગ કર્યો, પણ ભાઈ! એ તો બધી રાગની ક્રિયા છે; આ ભગવાન જ્ઞાયક સાથે તેનું એકત્વ નથી, છતાં જીવે વિભાવ સાથે એકત્વ માન્યું છે, તે એકત્વ તોડવાનું છે, રાગની ક્રિયાથી ભિન્ન થઈ—અધિક થઈ નિજ જ્ઞાયકદેવના મહિમારૂપે અંતરથી પરિણમે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. અંદર જ્ઞાયકતત્ત્વનું યથાર્થ લક્ષ થયા વિના—અંતરમાં નિજ ચૈતન્યપ્રભુનો મહિમા આવ્યા વિના—સમવસરણમાં ત્રિલોકનાથ સાક્ષાત્ તીર્થંકર ભગવાનની મણિરત્નના થાળ અને કલ્પવૃક્ષનાં ફળ વડે ભક્તિ અનંત વાર કરી, રત્નોના દીવડાથી ભગવાનના આરતી અનંત વાર ઉતારી, પણ તેથી શું? જ્યાં સુધી શુભરાગનો મહિમા છે ત્યાં સુધી જીવ મિથ્યાદૃષ્ટિ છે. અનંત સંસારમાં રઝળનાર પ્રાણી છે. શુભરાગરૂપ છોતરાંથી ભિન્ન અંદર જે ચૈતન્ય જ્ઞાયકદેવ છે તેમાં દૃષ્ટિ લગાવવાથી, તેનો અંતરથી મહિમા કરવાથી સમ્યગ્દર્શન વગેરે આત્મધર્મ પ્રગટ થાય છે; ચૈતન્યની અંતર્મુખ પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી ભવસમુદ્ર તરાય છે.

જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર એવા નિજ ચૈતન્યની સ્વસન્મુખ પરિણતિમાં—ભગવાનની ભક્તિ વગેરેના પરિણામ તો શુભરાગ ને પરસન્મુખ દશા છે—ચૈતન્યની નિજ મહિમાથી તરાય છે. બાકી પરની ભક્તિ વગેરેના શુભભાવ તો જીવે અનંત વાર કર્યા પણ તેનાથી જરાય આત્મધર્મ થયો નહિ શ્રીમદે કહ્યું છે ને?—

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.

પછી આગળ કહે છે—

સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

—પડિમા અને મહાવ્રત વગેરે ધારણ કર્યાં, પણ એ બધો તો શુભરાગ છે, દુઃખ છે. રાગથી ભિન્ન પોતાના ચૈતન્યપ્રભુનું જ્ઞાન અંતરમાં પરિણમીને કદી કર્યું નથી, તેથી સ્વરૂપનો આનંદ અનુભવમાં આવ્યો નથી. અહા! સ્વરૂપ તો આવું છે; લોકોને આકરું લાગે, પણ શું થાય? મારગ તો આ છે; ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ?

ભક્તિ અને વ્રતાદિના ભાવ તો શુભરાગરૂપ મલિન દશા છે, પુણ્યતત્ત્વ છે;

તેનાથી આત્માનો મહિમા માનવો તે મિથ્યાદર્શન છે. ભગવાન આત્મા તો પુણ્યતત્ત્વથી ભિન્ન ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છે. આશય એ છે કે—ચૈતન્યલોક ભગવાન આત્મા સ્વભાવે સમસ્ત શુભાશુભ રાગથી મુક્ત જ છે, કેમકે તે પરભાવ—વિભાવ હોવાથી પરચીજ છે ને? વિકારી ભાવ કાંઈ આત્માની ચીજ નથી, એ બધું આત્માના જ્ઞાતા-સ્વરૂપથી ભિન્ન છે. 'શુભરાગથી ધર્મ થશે' એવી માન્યતાનું નામ મિથ્યાત્વ-પરિણતિ છે. ચૈતન્યની વર્તમાન પરિણતિમાં શુભાશુભ વિભાવથી રહિત ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક-સ્વરૂપની દૃષ્ટિ થવાથી—નિજ ચૈતન્યનો અનુપમ મહિમા પ્રગટ થવાથી—તરાય છે. ભવસમુદ્ર તરવાનો ઉપાય આ એક જ છે.

લોકોને આ વાત બહુ આકરી લાગે, પણ એનું શું કરવું? જીવે અશુભભાવ અનંતવાર કર્યા, અરે! શુભ ભાવ—વ્રત, તપ, ભક્તિ ને ઉપવાસ કર્યા, મણિરતનના દીવડે ભગવાનની આરતી ઉતારી, કરોડો રૂપિયાનાં દાન દીધાં, જિનમંદિરો બંધાવ્યા વગેરે પુણ્યભાવ—પણ અનંત વાર કર્યા છે. ભાઈ! તે કાંઈ નવી ચીજ નથી. અહા! જેને રાગનો મહિમા છે તેને નિજ જ્ઞાયકદેવનો મહિમા નથી, અને જેને નિજ ચૈતન્ય જ્ઞાયકદેવનો મહિમા છે તેને શુભાશુભ રાગનો મહિમા આવતો નથી. બહારની ભક્તિ અને બહારના મહિમાથી નહિ પણ અંદર ચૈતન્યની પરિણતિમાં જ્ઞાયક પ્રભુના નિજ મહિમાથી જીવ ભવસાગર તરી જાય છે—આત્મકલ્યાણ પામી જાય છે.

'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'

જેને સમસ્ત શુભાશુભ વિભાવથી રહિત એવા નિજ વિજ્ઞાનઘન ચૈતન્યપ્રભુનો અંતરમાંથી મહિમા પ્રગટ થયો છે તેને જ જિનેન્દ્ર ભગવાનનો સાચો મહિમા હોય છે. પોતાનું ચૈતન્ય પકડાયા વિના કેવળ બહારનો મહિમા—તીર્થંકર જિનેન્દ્ર ભગવાનનો પુણ્યાતિશય એવો હોય છે કે પોતાના દેહની કાંતિથી દશે દિશાઓને ઉજ્જવળ કરે છે. પોતાના ઉપશાંતરસ-ઝરતા તેજ વડે કરોડો સૂર્યનાં તેજને ઢાંકી દે છે—ફિક્કો બનાવી દે છે, પોતાના રૂપથી લોકોનાં મન હરી લે છે, દિવ્યધ્વનિથી ભવ્યોના કાનમાં સાક્ષાત્ સુધામૃત વરસાવે છે અને એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે, ઇત્યાદિ બહારની ભક્તિ—કરે તો શુભભાવ થાય, પણ તે બહિર્લક્ષી શુભરાગ કાંઈ તરવાનો ઉપાય નથી. ખરેખર તો અંદર નિજજ્ઞાયક ભગવાનનો જેને નિશ્ચય, મહિમા આવ્યો છે તેને જ ભગવાનનો સાચો વ્યવહાર-મહિમા હોય છે.

'અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે.'

અતીન્દ્રિય આનંદની મૂર્તિ, સર્વજ્ઞ, વીતરાગ એવા ભગવાન જિનેન્દ્રદેવને જોતાં

[ જુઓ અનુસંધાન પાનું ૨૪ ]

# સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર :—

* અધ્યાત્મયુગપ્રવર્તક પ્રાતઃસ્મરણીય પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન અધ્યાત્મકર્મભૂમિ સુવર્ણપુરીમાં દરરોજ સવારે જિનેન્દ્રપૂજા, ત્યારબાદ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારની આત્મખ્યાતિ ટીકાના પરિશિષ્ટ (૪૭ શક્તિ વગેરે) ઉપર અધ્યાત્મ-રસભરપૂર ટેઈપપ્રવચન, ત્યારબાદ 'પંચાધ્યાયી' ઉપર પુરુષોની માટે ધાર્મિક શિક્ષણ-વર્ગ, બપોરે અષ્ટપાહુડના 'ચારિત્રપ્રાભૃત' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ અને સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર પર ટેઈપ-પ્રવચન-વગેરે ધાર્મિક કાર્યક્રમો નિયમિત ચાલે છે.

* પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું શારીરિક સ્વાસ્થ્ય સાધારણ ઠીક છે. તેમના દર્શન અને ક્યારેક તેમની અધ્યાત્મરસગંભીર સ્વાનુભવસુધાભીની અમૃતવાણીનો, મહેમાનો અને મુમુક્ષુસમાજને લાભ મળતો રહે છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તા. ૨૮–૨–૮૬ તથા તા. ૧૧–૩–૮૬ના દિવસે જિનમંદિર, નંદીશ્વરજિનાલય અને સ્વાધ્યાયમંદિરમાં તેમજ પરમાગમમંદિરમાં દર્શન અને જિનેન્દ્ર પૂજા માટે પધાર્યા હતા. આ સમાચાર સાંભળતા જ આખો મુમુક્ષુસમાજ તરત જ એકઠો થઈ ગયો હતો. પૂજ્ય બહેનશ્રીની સાથે જિનેન્દ્રદર્શન અને તેમની શાંતરસસમન્વિત ભક્તિભાવભીની જિનેન્દ્રપૂજાના દર્શનથી તથા પૂજ્ય બહેનશ્રી અને આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલી જિનેન્દ્રભક્તિથી વાતાવરણમાં ઉત્સવ જેવો આનંદ વ્યાપી ગયો હતો. પૂજ્ય બહેનશ્રીએ પોતે નંદીશ્વરજિનાલયમાં જિનેન્દ્રભક્તિ કરાવી ત્યારે મુમુક્ષુ સમાજમાં ભક્તિરસથી તરબોળ લહેર પ્રસરી ગઈ હતી.

* **નન્દીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ**—પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્મારકયોજના–અન્તર્ગત નવનિર્મિત શ્રી પંચમેરુ–નન્દીશ્વરજિનાલયનો પ્રથમ વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, ગુરુવાર તા. ૧૩–૩–૮૬ થી ફાગણ સુદ ૭ (બીજી) મંગળવાર તા. ૧૮–૩–૮૬ સુધી શ્રી પંચકલ્યાણક પૂજન તથા જિનેન્દ્રભક્તિ, પંચ-કલ્યાણક–વિડિયો–દર્શન આદિ વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવાઈ રહ્યો છે.

* **નન્દીશ્વર ફાગણમાસની અષ્ટાહ્નિકા**—સ્વાનુભવવિભૂષિત સત્પુરુષ પાદપુનીત સાધનાતીર્થ શ્રી સોનગઢમાં નવનિર્મિત દર્શનાય શ્રી પંચમેરુ-નન્દીશ્વર-જિનાલયમાં તા. ૧૯–૩–૮૬ બુધવારથી તા. ૨૬–૩–૮૬ બુધવાર સુધી ફાગણમાસની નન્દીશ્વર અષ્ટાહ્નિકા વિધાનપૂજા અને જિનેન્દ્રભક્તિ આદિ કાર્યક્રમ દ્વારા ઉજવાશે. 'તેરહદ્વીપ-પૂજાવિધાન'માંથી પૂજા થશે.

* ફાગણ સુદ ૧૩, સોમવાર, તા. ૨૪–૩–૮૬ ના દિવસે શ્રી મહાવીર કુન્દકુન્દ દિગમ્બર જૈન પરમાગમમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠા-તિથિ વિશેષ પૂજા અને ભક્તિપૂર્વક આનંદોલ્લાસથી ઉજવાશે.

* અધ્યાત્મયુગસ્રષ્ટા પરમકૃપાવન્ત પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ જેમની પવિત્ર સ્વાનુભૂતિવિભૂષિત અન્તરંગ અસાધારણ દશાની અનેક રીતે ઓળખાણ કરાવીને સહૃદય મુમુક્ષુ સમાજ ઉપર એક મહાન ઉપકાર કર્યો છે, એવા ધન્યાવતાર પ્રશમમૂર્તિ પવિત્રાત્મા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની મંગલમય સમ્યક્ત્વ-પરિણતિ, આગામી ફાગણ વદ દશમ, શુક્રવાર, તા. ૪–૪–૮૬ ના દિવસે ૫૪માં વર્ષમાં પ્રવેશ કરે છે. સમ્યક્ત્વ-જયંતીનો આ વાર્ષિક મંગલ ઉત્સવ તા. ૩૧–૩–૮૬, સોમવારથી તા. ૪–૪–૮૬, શુક્રવાર–પાંચ દિવસ પૂજ્ય ગુરુદેવશ્રીના 'બહેનશ્રીનાં વચનામૃત' પર અધ્યાત્મરસ-ભરપૂર ભાવવાહી ટેઈપ પ્રવચન, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચન, જિનેન્દ્રભક્તિ, બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા આદિ અનેકવિધ કાર્યક્રમથી ઉજવાશે. આ મંગલ પ્રસંગ વખતે તા. ૪–૪–૮૬, શુક્રવારના દિવસે શ્રી હિન્દીભાષી દિ૦ જૈન મુમુક્ષુવૃન્દ તરફથી હર્ષોલ્લાસથી ઉજવવામાં આવનાર ભવોદધિતારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની આગામી ૯૭ મી આનંદવર્ધિની જન્મજયંતીની વ્યવસ્થાના વિષયમાં વિચારવિમર્શ કરવા માટે હિન્દીભાષી દિ૦ જૈન મુમુક્ષુવૃન્દ તરફથી એક સભા બોલાવવામાં આવી છે. તે વખતે વિચાર–વિનિમય માટે હિન્દીભાષી મુમુક્ષુવૃન્દને સાદર નિમંત્રણ છે.

* અધ્યાત્મતીર્થભૂમિ સોનગઢમાં દર્શન માટે યાત્રીકો આવતા રહે છે. શ્વેતાંબરબહુમતી વાળા પ્રદેશમાં શ્રી સીમંધર જિનમંદિર, સમવસરણમંદિર, માનસ્તંભ, મહાવીર–કુંદકુંદ દિ૦ જૈન પરમાગમમંદિર, પંચમેરુ-નંદીશ્વર જિનાલય, વિશાલ ભવ્ય જિનબિંબ, સંગેમરમર-શિલાપટ પર ઉત્કીર્ણ પંચ-પરમાગમ જિનવાણી આદિ દિગંબર જૈનધર્મના પવિત્ર વૈભવના દર્શન અને પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દર્શનથી લાભાન્વિત થઈને યાત્રીગણ ખૂબ જ પ્રમોદિત થાય છે અને આ તીર્થભૂમિને 'જીવંત અતિશયક્ષેત્ર' જેવો અનુભવ કરે છે.

—o—

મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં, માનતા અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય તેવી ચીજ પોતે જ છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

## વૈરાગ્ય સમાચાર :—

* લીંબડી નિવાસી ( હાલ-કાંદીવલી ) શ્રી કાંતાબેન કાંતિલાલ હરિલાલ શાહ ( વર્ષ – ૬૦ ) તા. ૨૦–૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અસહ્ય વેદના હોવા છતાં કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના તથા પૂજ્ય બહેનશ્રીના ઉપકાર-મહિમાના સ્મરણપૂર્વક સમતાભાવે દેહ છોડયો હતો.

* ભાવનગર નિવાસી શ્રી ભગવાનજીભાઈ જગજીવનભાઈ પારેખ ( વર્ષ–૯૬ ) ( તે વકીલ શ્રી ચીમનભાઈના પિતાશ્રી ) તા. ૩૦–૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલા નિવાસી (હાલ–મુંબઈ) શ્રી લાભકુંવરબેન તારાચંદ દોશી ( વર્ષ–૭૧ ) તા. ૭–૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિદીશા નિવાસી શ્રી છુટકનલાલજી જૈન ( બ્ર. સંતોષભાઈના પિતાશ્રી ) ( વર્ષ–૭૫ ) તા. ૧૭–૨–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયા નિવાસી ( હાલ મલાડ ) શ્રી ચુનીલાલ હરીચંદ શાહ ( વર્ષ–૮૨ ) તા. ૫–૩–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સદ્દગત આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો, તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના......

---

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી :—

**પ્રકાશન સ્થાન** :—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું ૩૬૪૨૫૦)

**પ્રકાશન તારીખ** :— દરેક માસની પંદરમી તારીખ

**પ્રકાશક** :— શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( કાનજીસ્વામીનું ) ૩૬૪૨૫૦

**મુદ્રક** :— અજિત મુદ્રણાલય, સોનગઢ

**સંપાદક** :— નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ

**તંત્રી** :— હીરાલાલ ભીખાલાલ શાહ.

**રાષ્ટ્રીયતા** :— ભારતીય

**માલિક** :— શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું) ૩૬૪૨૫૦

—વ્યવસ્થાપક ( મેનેજર )
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( કાનજીસ્વામીનું ) ૩૬૪૨૫૦

તા. ૧૫–૩–૮૬

# ✻ આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો ✻

૧. જ્ઞાન ધ્યાન તથા અધ્યયનથી ઉત્પન્ન થવાવાળું સુખ અમૃત સમાન છે. આત્માથી ઉત્પન્ન થવાવાળું આ જ્ઞાન ધ્યાનરૂપી સુખામૃત એક અપૂર્વ રસાયણ સમાન છે. આ આત્મજન્ય સુખામૃતરૂપી રસાયણને છોડીને, જે જીવ ઇન્દ્રિય જન્ય સુખોમાં લીન રહે છે તે બહિરાત્મા છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા–૧૩૨)

૨. સમુદ્ર વિષે રહેલો વડવાનલ અગ્નિ સમુદ્રના જળને શોષે છે, તેમ સંસાર વિષે માનસિક દુઃખરૂપી ભયંકર વડવાનલ એટલો બધો દુઃખપ્રદ છે કે તે જીવને પ્રાપ્ત વિષયો પણ સુખે ભોગવવા દેતો નથી અને અપ્રાપ્ત વિષયોની ઝંખનામાં ને ઝંખનામાં સદોદીત બાળ્યા કરે છે. અને એ રીતે તેના શાંતભાવરૂપ નિજ-પ્રાણને પ્રતિપળે શોષ્યા કરે છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૮૭)

૩. દુર્બુદ્ધિ વેદ્યને તો જાણે છે પરંતુ વેદકને કેમ નથી જાણતો? પ્રકાશ્યને તો દેખે છે પરંતુ પ્રકાશકને દેખતો નથી એ કેવું આશ્ચર્ય છે?

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, શ્લોક–૩૯)

૪. જેના ઉચ્ચ ચિત્તમાં સભામાં વિરાજીત ચક્રવર્તી કે ઇન્દ્રની ઉપર દયા આવે, રતિ સમાન રૂપ અને અતિશય ગુણયુક્ત તેમની સ્ત્રીઓ—ચક્રવર્તીની પટ્ટરાણી તથા ઇન્દ્રની ઇન્દ્રાણીની ઉપર ઘૃણા, ગ્લાનિ અણગમો આવે, તથા સર્વોત્તમ ઇન્દ્રિય સુખના સ્મરણથી જેને અત્યંત કષ્ટ થાય તે તત્ત્વજ્ઞાનીઓમાં સર્વોત્તમ છે.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગીણી, અધ્યાય–૩, શ્લોક–૧૧)

૫. પોતાનામાં પોતાની સ્થિતિ માટે પર વસ્તુથી હઠીને એકાકાર (આત્માકાર) કરવાની ઇચ્છાથી તમે દુઃખી ન થાઓ, પરંતુ હે મહાપ્રાજ્ઞ! પ્રયોજનભૂત અર્થને સમજો.

(શ્રી પંચાધ્યાયી, ઉત્તરાર્ધ, શ્લોક–૮૬૨)

૬. આ મનુષ્યજન્મનું ફળ ધર્મની પ્રાપ્તિ છે. તે નિર્મળ ધર્મ જો મારી પાસે છે તો પછી મને આપત્તિના વિષયમાં પણ શું ચિંતા છે? ત્યાં મૃત્યુથી પણ શો ડર છે? અર્થાત્ તે ધર્મ હોતાં ન તો આપત્તિની ચિંતા રહે છે અને ન મરણનો પણ ડર રહે છે.

(શ્રી પદ્મનંદી આચાર્ય, એકત્વ ભાવનાદશક, શ્લોક–૧૧)

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

૨૧૯૭ શ્રી મહેન્દ્રભાઈ હરખચંદભાઈ મહેતા વાંકાનેર
૨૧૯૮ ,, શાંતીલાલ હરગોવી[illegible] શાહ [illegible]ઘીયાગામ
૨૧૯૯ ,, મફતભાઈ હીરા[illegible] [illegible]ડોદરા
૨૨૦૦ ,, કીરીટ ટ્રેડર્સ [illegible]નગર
૨૨૦૧ ,, પ્રદીપભાઈ કે. [illegible]નગર
૨૨૦૨ ,, અરૂણકુમાર પી. દેસાઈ કલકત્તા
૨૨૦૩ ,, અનોપચંદ હેમચંદ ગાંધી વાંકાનેર
૨૨૦૪ ,, કમલેશભાઈ કાન્તીલાલ શાહ અમદાવાદ
૨૨૦૫ ,, કસ્તુરીબેન શાહ યુ. કે.
૨૨૦૬ ,, કાન્તીલાલ શામજીભાઈ મુંબઈ
૨૨૦૭ ,, સોનીલ જામનગર
૨૨૦૮ ,, મીનાબેન એ. દોશી મુંબઈ
૨૨૦૯ ,, ભારતીબેન બીપીનચંદ્ર લાખાણી રાજકોટ
૨૨૧૦ શ્રી અમૃતલાલ એચ. ગોસરાણી મુંબઈ
૨૨૧૧ ,, તેજસ મધુકરભાઈ ડગલી પાર્લા
૨૨૧૨ ,, હીરાલાલ ન. શાહ મુંબઈ
૨૨૧૩ ,, અરવિંદ કે. વસાણી મુંબઈ
૨૨૧૪ ,, નવીનદાસ ડી. શાહ ,,
૨૨૧૫ ,, ભદ્રાબેન ચુનીલાલ સંઘવી ,,
૨૨૧૬ ,, [illegible] ડાયાલાલ શાહ ,,
૨૨૧૭ ,, જયસુખભાઈ એચ. વસાણી ઘાટકોપર
૨૨૧૮ ,, નરેશભાઈ એચ. સંઘવી ,,
૨૨૧૯ ,, શરદકુમાર વી. વલારી દાહોદ
૨૨૨૦ ,, નિર્મળાબેન [illegible]ભાઈ શાહ અમદાવાદ
૨૨૨૧ ,, ડૉ. દિલીપકુમાર જે. મહેતા સાયન

[ ક્રમશઃ ]

* હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદસ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે! તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર ને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો.

—પરમ પૂજ્ય ગુરુદેવ

Licence No. 3
'Licensed to post
without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir
Trust, SONGAD-364 250-INDIA

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ, સોનગઢ

To,

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012